જાન્યુઆરી ૨૦૨૪

દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૨૦

તમારે પત્ની હોય તો પત્ની જોડે,
સમાધાનપૂર્વક વ્યવહાર રાખજો.
તમારું સમાધાન ને એમનું સમાધાન થતું
હોય એવો વ્યવહાર રાખજો.
એમને અસમાધાન થતું હોય ને તમારું
સમાધાન થતું હોય એ વ્યવહાર બંધ કરજો.
અને આપણાથી (આપણી)
સ્ત્રીને કંઈ દુઃખ ન થવું જોઈએ.

અડાલજ : દિવાળી અને નૂતન વર્ષની ઉજવણી : તા. ૧૨ અને ૧૪ નવેમ્બર ૨૦૨૩

પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૧૬મો જન્મજયંતી મહોત્સવ : અમરેલી : તા. ૨૨ થી ૨૬ નવેમ્બર ૨૦૨૩



વર્ષ : ૨૯, અંક : ૫
સળંગ અંક : ૩૪૧
જાન્યુઆરી ૨૦૨૪
પાનાં : ૨૮

Editor : Dimple Mehta
© 2024
Dada Bhagwan Foundation.
All Rights Reserved.

Printed by & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
Owned by & Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
Printed at
Amba Multiprint
Opp. H B Kapadiya New High
School, At- Chhatral, Tal: Kalol,
Dist. Gandhinagar–382729.

સંપર્ક સૂત્ર :
અડાલજ ત્રિમંદિર, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
ફોન : 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી અંગે ફરિયાદ માટે
ફોન / વોટ્સએપ : 8155007500

લવાજમ (ગુજરાતી)
૫ વર્ષ
ભારત : ૧૦૦૦ રૂપિયા
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
D.D. / M.O. ‘મહાવિદેહ ફાઉન્ડેશન’ના નામે મોકલવો.

દાદાવાણી

વિષય સામે પરિણીતોનો સમજણરૂપી પુરુષાર્થ

સંપાદકીય

જ્ઞાની પુરુષ દાદાશ્રીની કૃપાથી આત્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી જ્ઞાનની સર્વોચ્ચ અનુભવ કક્ષાએ પહોંચવા બ્રહ્મચર્ય પાલન આવશ્યક છે. પણ ‘બ્રહ્મચર્ય’ શબ્દ સાંભળતા જ કેટલાક ગૃહસ્થ મહાત્માઓને એમ થાય કે આપણા જીવનમાં આ અશક્ય છે, બ્રહ્મચર્ય સંબંધી ઊંચી વાત બ્રહ્મચારીઓ માટે જ છે ! પરંતુ આ ‘અક્રમ વિજ્ઞાન’ એક એવું અજાયબ વિજ્ઞાન છે કે જે મોક્ષમાર્ગમાં પરિણીતોને પણ ‘એડમીટ’ કરે (સ્વીકારે) છે. પોતાના નિજ સ્વરૂપની અજ્ઞાનતાથી સંસારમાં બંધન થયું છે અને સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થાય તો સંસારની કોઈ વસ્તુ કે કોઈ વ્યક્તિ બંધનકારક છે જ નહીં. પરમ પૂજ્ય દાદાશ્રી પોતે પણ ગૃહસ્થવેશે આ અપવાદ સિદ્ધ કરી આપ્યું છે.

પ્રસ્તુત સંકલનમાં મહાત્માઓને ઉદયમાં આવતા ડિસ્ચાર્જ વિકારી ભાવો અને વિષયમાં સુખની માન્યતા સંબંધી પ્રશ્નો જે પ્રેક્ટિકલી મૂંઝવે છે તે જેમ છે તેમ વ્યક્ત થયા છે. તેને છેદવા માટે પરમ પૂજ્ય દાદાશ્રીની બ્રહ્મચર્ય સંબંધી જ્ઞાનવાણી અત્રે અંકિત થઈ છે. જેમાં વિવિધ સમજણ સ્ટેપ બાય સ્ટેપ મળે છે, જેમ કે વિષયનું વાસ્તવિક સ્વરૂપ, તેની સામે થ્રી વિઝન, વિષય ભીખની લાચારી, વિષયની પરવશતા, ડબલ બેડ પ્રથાની વિકૃતતા, વિષય ત્યાં જ ક્લેશ અને વેર, તાવ આવે ત્યારે દવા લેવી, હકના વિષયનો સમભાવે નિકાલ વગેરે. જેથી અક્રમ વિજ્ઞાનમાં વિષય-વિકારને દાટાં મારી કંટ્રોલ કરવાની વાત જ નથી પણ આધ્યાત્મિક દૃષ્ટિએ વિષય-વિકાર ઊભા થવાનું જે મૂળ કારણ છે, તે સંબંધી સર્વ અજ્ઞાન દૂર કરવામાં આવે તો વિષયના પરિણામો ધીમે-ધીમે ખરી પડે છે.

આ કાળમાં બ્રહ્મચર્ય પાળવું દુષ્કર ગણાય છતાં પ્રગટ જ્ઞાની પુરુષ દાદા ભગવાન પોતે બ્રહ્મચર્યમાં વર્તીને હજારોને વર્તાવી શક્યા છે. પરણેલાઓને પણ એવા પગથિયા સમજાવ્યા છે કે બહારના પરિણામને ફેરફાર કર્યા વગર અંદરની સમજણમાં એવા ફેરફાર કરતા જાવ કે ધીમે-ધીમે, સ્ટેપ બાય સ્ટેપ બહાર સહજ ફેરફાર આવે. હવે આવા કળિયુગમાં અક્રમ વિજ્ઞાન થકી પ્રત્યક્ષ જ્ઞાનીની સમજણ લઈને પરણેલાઓ બ્રહ્મચર્યનો માર્ગ કેમ પૂરો ન કરી શકે ?

અનંત વાર વિષય કીચડમાં અલ્પસુખની લાલચે લબદાયો, ખરડાયો ને ઊંડો ગરક્યો છતાં અક્રમ વિજ્ઞાન સમજાતા ભાવ બ્રહ્મચર્યના નિશ્ચયની શરૂઆત થાય છે. તે આ કળિયુગની એક અજાયબી છે ને ! જે મહાત્માઓ ખરેખર આ કીચડમાંથી બહાર નીકળવા માગે છે, તેમને હવે હિંમત રહેશે કે અક્રમ વિજ્ઞાન થકી પરિણીતોને પણ બ્રહ્મચર્ય શક્ય છે. જ્ઞાની પુરુષની વિજ્ઞાનમય વાણીથી વિષયના સ્વરૂપની સામે જાગૃતિ રહે તેમજ ઊભા થતા વિષય સામે ખેદ રહે અને બ્રહ્મચર્યની સમજણ સાથે વૈજ્ઞાનિક દૃષ્ટિથી પુરુષાર્થ મંડાય એ જ હૃદયપૂર્વક અભ્યર્થના.

જય સચ્ચિદાનંદ.

વિષય સામે પરિણીતોનો સમજણરૂપી પુરુષાર્થ

અક્રમ માર્ગમાં બ્રહ્મચર્યનું સ્થાન કેટલું ?

પ્રશ્નકર્તા : આ જ્ઞાન મળ્યા પછી, દાદાનું જ્ઞાન મળ્યા પછી બ્રહ્મચર્યની આવશ્યકતા ખરી કે નહીં ?

દાદાશ્રી : બ્રહ્મચર્યની આવશ્યકતા તો જે પાળી શકે, તેને માટે ખરી ને ના પાળી શકે, તેને માટે નહીં. જો આવશ્યકતા જ હોય તો તો બ્રહ્મચર્ય ના પાળનારા માણસોને આખી રાત ઊંઘ જ ના આવે, કે આ તો હવે આપણો મોક્ષ જતો રહેશે. અબ્રહ્મચર્યને ખોટું છે, એવું જાણે તોય બહુ થઈ ગયું.

એવું છે ને, આ વાતનો ખુલાસો આજે કહી દીધો. બ્રહ્મચર્ય અને અબ્રહ્મચર્યમાં આવશ્યક શું છે ? રૂટ કૉઝ શું છે ? એ કોઈને જડે નહીં એવી વસ્તુ છે. તે આ રૂટ કૉઝ મેં તમને કહી દીધું. આ રૂટ કૉઝ જે છે, એ મૌલિક કહેવાય.

પ્રશ્નકર્તા : બૌદ્ધિક વિષયોની રમણતા તો રહે જ ને ?

દાદાશ્રી : અમે સ્ત્રીસંબંધી રમણતાનો વાંધો ઉઠાવીએ છીએ. અબ્રહ્મચર્ય ચાલુ હોય અને બીજી બાજુ જ્ઞાની પુરુષને ગમે તેટલો દેહ અર્પણ કર્યો હોય, પણ સ્ત્રીના દેહ પર રાગ છે એટલે પોતાના દેહ પર પણ એટલો જ રાગ છે, એટલે એટલી અર્પણતા કાચી જ રહે. મધર, ફાધર, ભાઈ, બહેન પરના રાગને અમે રાગ નથી કહેતા. કારણ કે એ રાગમાં એવો તન્મયાકાર થતો નથી. જ્યારે સ્ત્રી વિષયમાં તો એટલો બધો તન્મયાકાર થઈ જાય છે. એટલે મહીંથી એટલો બધો ખોવાઈ ગયેલો હોય કે હલાવો તોય ખબર ના પડે.

બાકી, સાચું બ્રહ્મચર્ય એટલે આત્મચર્યામાં જ આપણો ઉપયોગ અને પુદ્ગલ વિષયચર્યામાં ઉપયોગ નહીં. એટલે કેવળ આત્મરમણતા, પુદ્ગલ રમણતા નહીં. બીજી પુદ્ગલ રમણતા એટલી બાધક નથી પણ વિષય પુદ્ગલ રમણતા તો ઠેઠ આત્માનો અનુભવ પણ કરવા દેતું નથી.

પ્રશ્નકર્તા : ફિલોસોફરો એમ કહે છે કે સેક્સને દબાવવાથી વિકૃત બને છે. સેક્સ આરોગ્ય માટે જરૂરી છે.

દાદાશ્રી : એની વાત સાચી છે, પણ અજ્ઞાનીને સેક્સની જરૂર છે. નહીં તો શરીર ઉપર આઘાત પડશે. જે બ્રહ્મચર્યની વાતને સમજે છે, તેને સેક્સની જરૂર નથી અને અજ્ઞાની માણસને જો કદી આ બાંધીએ તો શરીર તૂટી જાય, ખલાસ થઈ જાય.

પ્રશ્નકર્તા : પણ જેને સમકિત નથી, એને પણ બ્રહ્મચર્યનું જો મહત્વ સમજતો હોય તો વાંધો નહીં ને ?

દાદાશ્રી : એ બ્રહ્મચર્યનું મહત્વ જ્ઞાની સિવાય કે શાસ્ત્રના કોઈ આધાર સિવાય સમજી શકે જ નહીં.

છે કુદરતી, પણ લિમિટમાં ઘટે

પ્રશ્નકર્તા : તો આ બધા સાધુઓ બ્રહ્મચર્ય પાળે છે એ ?

દાદાશ્રી : ત્યાં એને શાસ્ત્રનો આધાર છે. એ કોઈ પણ આધાર હોવો જોઈએ. એટલે આ બહારના લોકોને જો કદી એવું કરવા જાય, દબાવવાથી તો વિકૃત થાય. એ બ્રહ્મચર્ય હિતકારી છે - કેવી રીતે, કઈ દૃષ્ટિએ, એ પૂરું સમજી લેવું પડે. એનો અર્થ એ નહીં કે દબાવવાનો. નહીં તો આરોગ્ય બગડે, બીજું કશું નહીં, પણ આરોગ્ય બધું ખલાસ થઈ જાય !

પ્રશ્નકર્તા : સેક્સ ન દબાવવો જોઈએ, નહીં તો રોગ થાય છે.

દાદાશ્રી : રોગ થાય છે, વાત સાચી છે. એ દબાવવાનું એવું નહીં. ઉપવાસ રાજીખુશીથી કરવા માટે વાંધો નથી, ભૂખને દબાવવાનો વાંધો છે. હઠાગ્રહ કરવાનો વાંધો છે.

પ્રશ્નકર્તા : તો અબ્રહ્મચર્ય એય નેચર (કુદરત)ના કાયદાની વિરુદ્ધ છે ને ?

દાદાશ્રી : અબ્રહ્મચર્ય નેચરની વિરુદ્ધ નથી. અબ્રહ્મચર્યની નૉર્માલિટી જોઈએ પાછી. અબ્રહ્મચર્યની નૉર્માલિટી ચૂકે પછી નેચરની વિરુદ્ધ કહેવાય. અબ્રહ્મચર્યની નૉર્માલિટી કોને કહેવાય ? એક પત્નીવ્રત હોવું જોઈએ. વળી એનું પ્રમાણ પાછું કેવું હોવું જોઈએ કે મહિનામાં આઠ દહાડા કે ચાર દહાડા, એ એનું પ્રમાણ. પછી તમને ફળ તરત મળે. નેચર તમારી સામી ના થાય.

પ્રશ્નકર્તા : નેચરની વિરુદ્ધ ગયાનો દાખલો આપો ને ?

દાદાશ્રી : આ રસની કેરી આપણે ખાઈએ છીએ, તે નેચરલ (કુદરતી) છે. પણ જો પ્રમાણમાં વધારે ખવાઈ જાય તો તે અન્‌નેચરલ (અકુદરતી) છે. ના ખાવ તો તેય અન્‌નેચરલ છે ! પ્રમાણથી વધારે ખાવ તો એ બધું પોઈઝન (ઝેર) છે. એનું પ્રમાણ સચવાવું જોઈએ. નેચર પ્રમાણને સાચવવા માગે છે.

પ્રશ્નકર્તા : પશુઓને તો કુદરતી હેલ્પ (મદદ) છે ને ?

દાદાશ્રી : ના, એમનું ચલણ જ કુદરતી છે. એમનું પોતાનું ચલણ જ નથી. આ તો આપણા લોકોને આ કશું ભાન નથી. આ કળિયુગના માણસો કરતા જાનવરોય સારા હોય કે નિયમમાં રહે છે. કળિયુગના માણસોને નિયમ જ નહીં ને !

પ્રશ્નકર્તા : એવું કેમ થયું કે જાનવરો નિયમમાં અને મનુષ્યો નિયમમાં નહીં ?

દાદાશ્રી : જાનવરોને તો કુદરતી ખરું ને ! એટલે નિયમમાં જ હોય. આ મનુષ્યો એકલા જ બુદ્ધિશાળી ! એટલે એમણે જ આ બધી શોધખોળ કરેલી. પછી અત્તરો ચોપડે, સુગંધી લઈને દુર્ગંધીને ટાળે. પણ દુર્ગંધ એમ તે કંઈ જતી હશે ? આ જાનવરોય દુષ્ચારિત્રવાળા નથી હોતા. જાનવરોય ચારિત્રવાળા હોય છે.

પ્રશ્નકર્તા : એ કેવી રીતે ?

દાદાશ્રી : જાનવરોને તો અમુક જ સીઝનમાં વિષય હોય અને આ મનુષ્યોને તો સીઝન-બીઝનનું ઠેકાણું જ નહીં. જાનવરો કરતાય મનુષ્યો ભૂંડા છે. જાનવરોમાં તો કશો અવગુણ છે જ નહીં. બધા અવગુણોનું ખોળિયું હોય તો આ મનુષ્યો. ચારિત્ર મુખ્ય વસ્તુ છે. ચારિત્રના આધારે તો મનુષ્ય પણ દેવ કહેવાય છે. લોક કહે છે ને, કે આ દેવ જેવા માણસ છે !

પ્રશ્નકર્તા : મનુષ્યોમાં આ વિષય એ તો કુદરતી અવસ્થા છે ને ?

દાદાશ્રી : પણ તેમાં આપણે એવું કરી શકીએ કે કુદરતી અવસ્થામાંય પણ એની એક લિમિટ હોય છે ! એટલે આપણે જો ધારીએ, એટલો પુરુષાર્થ માંડીએ. આત્મા એ પુરુષ થયો ને પુરુષાર્થ માંડે તો ફેરવી શકે આમ, એ ઉકેલ લાવી શકે ! જમવા બેઠા એટલે ખા ખા કરવું એવું કંઈ છે ?

પ્રશ્નકર્તા : ના, જરાય નહીં.

દાદાશ્રી : આપણે જોડે રહીએ, પણ આપણે કહેવું, કે 'ચંદુભાઈ, શું શું લેશો ?' ત્યારે કહે, 'શાક, રોટલી ને આટલો ભાત !' ત્યારે આપણે કહીએ, 'ના. આજ આ ત્રણ લો ને ! આજ દાદાની પાસે સાંભળવા જવાનું છે ને !' એમ

કરી અટાવી-પટાવીને કામ લઈ લેવું. તે પાછા એવું લેશે, એમને એવું કંઈ નથી ! આમને તો કહેનાર જોઈએ, સલાહ આપનાર જોઈએ. અને આપણને વાંધોય શો છે ? કંઈ ખોટ જવાની છે ? કયે દહાડે ખાધું નહીં હોય ? આવ્યા ત્યારથી ખા ખા જ કરીએ છીએ ને ! ને કંઈ બીજું નવું માંડ્યું છે આ ?

બ્રહ્મચર્ય, પોતાના પ્રોજેક્ટનું પરિણામ

પ્રશ્નકર્તા : કુદરતને જો સ્ત્રી-પુરુષની જરૂરિયાત ન હોય, તો એ શા માટે આપ્યું ?

દાદાશ્રી : સ્ત્રી-પુરુષ એ કુદરતી છે અને બ્રહ્મચર્યનો હિસાબ એ પણ કુદરતી છે.

પ્રશ્નકર્તા : તો બ્રહ્મચર્ય નેચરની વિરુદ્ધ થયું ને ?

દાદાશ્રી : હા, બ્રહ્મચર્ય તો નેચરની વિરુદ્ધ જ છે ને !

પ્રશ્નકર્તા : તો પછી જગતમાં બ્રહ્મચર્ય લે છે, અપાય છે, તે શા માટે ?

દાદાશ્રી : એ તો પૂર્વ ભવે ભાવ કરેલા, તેનું ફળ છે.

પ્રશ્નકર્તા : એ શી રીતે ખબર પડે કે આપણે પૂર્વે ભાવ કરેલા છે ?

દાદાશ્રી : એ તો કો'ક જ માણસ હોય, કરોડોમાં એકાદ જણ હોય, બહુ હોય નહીં ને ! આ સાધુ-મહારાજોને શાથી વૈરાગ આવતો હશે ?

પ્રશ્નકર્તા : પૂર્વે ભાવેલું હોય ત્યારે.

દાદાશ્રી : એટલે અમે શું કહેવા માંગીએ છીએ કે કરાંજીને બ્રહ્મચર્ય ના પાળીશ. બ્રહ્મચર્યની ભાવના ભાવો. બ્રહ્મચર્ય એ તો ભાવનાનું ફળ છે. બાકી આ સાધુ બ્રહ્મચર્ય પાળે છે, એ ભાવનાના ફળરૂપે છે. એમાં એની જાગૃતિ ના ગણાય. પણ છેવટે જાગૃતિ તો જોઈશે જ ! જાગૃત થયા વગર ચાલે નહીં. જાગૃતિ તો, જ્ઞાની પુરુષોએ પૂર્વે ભાવના ભાવી ના હોય તોય તે અબ્રહ્મચર્યના સાગરમાં પોતે બ્રહ્મચર્ય રાખી શકે, એ જાગૃતિ કહેવાય. દેવતામાં હાથ ઘાલવો ને દઝાવું નહીં, એના જેવું જ્ઞાની પુરુષનું બ્રહ્મચર્ય કહેવાય.

માણસ જેવી રીતે જીવવા માગે, તે જેવી ભાવના પોતે કરે છે, એ ભાવનાના ફળરૂપે આ જગત છે. બ્રહ્મચર્યની ભાવના ગયા અવતારમાં ભાવી હોય તો અત્યારે બ્રહ્મચર્યનો ઉદય આવે. આ જગત (પોતાનો જ) પ્રોજેક્ટ છે.

પ્રશ્નકર્તા : પણ હજુ મને એ વાત સમજાતી નથી કે માણસે શા માટે બ્રહ્મચર્ય પાળવું ?

દાદાશ્રી : એ લેટ ગો કરો આપણે. (તમારે બ્રહ્મચર્ય ના પાળવું હોય તો) બ્રહ્મચર્ય નહીં પાળવાનું. હું કંઈ એવા મતનો નથી. હું તો લોકોને કહું છું કે પૈણી જાવ. કોઈ પૈણે એમાં મને વાંધો નથી.

એવું છે, જેને સાંસારિક સુખોની જરૂર છે, ભૌતિક સુખોની જેને ઈચ્છા છે, તેણે પૈણવું જોઈએ. બધું જ કરવું જોઈએ અને જેને ભૌતિક સુખો ના જ ગમતા હોય અને સનાતન સુખ જોઈતું હોય, તેણે નહીં.

પ્રશ્નકર્તા : 'બ્રહ્મચર્ય ના જ પાળવું' એવી મારે ચેલેન્જ નથી, પણ એ વાતની સમજ નથી.

દાદાશ્રી : બરોબર છે, વાત સાચી છે. તમારી ચેલેન્જ નથી, એ વાત ખરી છે ! અને ચેલેન્જ અપાય એવુંય નથી. કારણ કે આ દુનિયામાં કઈ જાતના ભાવ કર્યા હોય, એણે શું પ્રોજેક્ટ કર્યો હોય, એ શું આપણે કહી શકીએ ? કોઈએ આખી જિંદગી ભક્તિનો જ પ્રોજેક્ટ કર્યો, તો આખી

જિંદગી ભક્તિ જ કર્યા કરે. કોઈએ દાન જ આપવાનો પ્રોજેક્ટ કર્યો હોય તો દાન આપે. કોઈએ ઓબ્લાઈજિંગ નેચરનો કર્યો હોય તો ઓબ્લાઈજ કર્યા કરે. કોઈ છે તે વિકારી નેચરનો હોય, એ પોતાની સ્ત્રીનું સુખ ભોગવતો હોય પણ બીજી કેટલીક છોકરીઓનો ખોટો લાભ ઉઠાવે. એ બધું ગમે તેવા માણસો હોય, પણ જેવો પ્રોજેક્ટ કર્યો હોય, તેવું આ ફળ મળ્યું છે. એના ફળ મળે છે કડવા, તે નર્કગતિમાં ભોગવવા જવું પડે.

જ્ઞાન રૂપી નાવડું પહોંચાડે નિર્વિકારી કિનારે

પ્રશ્નકર્તા : 'અક્રમ માર્ગ'માં વિકારો હઠાવવાનું સાધન કયું ?

દાદાશ્રી : અહીં વિકાર હઠાવવાના નથી. આ માર્ગ જુદો છે. કેટલાક માણસો અહીં મન-વચન-કાયાનું બ્રહ્મચર્ય લે છે અને કેટલાક સ્ત્રીવાળા હોય, તેને અમે રસ્તો બતાડ્યો હોય તે રીતે એનો ઉકેલ લાવે. એટલે 'અહીં' વિકારી પદ જ નથી, પદ જ 'અહીં' નિર્વિકારી છે ને ! વિષયો એ વિષ છે, તે તદ્દન વિષ નથી. વિષયમાં નીડરતા એ વિષ છે. વિષય તો ના છૂટકે, પોલીસવાળો જેમ પકડીને કરાવે ને કરે તેમ હોય તો, તેનો વાંધો નથી. પોતાની સ્વતંત્ર મરજીથી ના હોવું જોઈએ. પોલીસવાળો પકડીને જેલમાં બેસાડે ત્યાં તમારે બેસવું જ પડે ને ! ત્યાં કંઈ છૂટકો છે ? એટલે કર્મ એને પકડે ને કર્મ એને અથાડે, એમાં ના કહેવાય નહીં ને ! બાકી જ્યાં વિષયની વાત જ હોય, ત્યાં ધર્મ નથી. ધર્મ નિર્વિકારમાં હોય. ગમે તેવો ઓછા અંશે ધર્મ હશે, પણ ધર્મ નિર્વિકારી હોવો જોઈએ.

વિકારથી જ સંસાર ઊભો થયો છે. આ બધો સંસાર એટલે વિષયોનો વિકાર, આ પાંચ ઈન્દ્રિયોના વિષયોના વિકારો છે અને મોક્ષ એટલે નિર્વિકાર, આત્મા નિર્વિકાર છે. ત્યાં રાગેય નથી ને દ્વેષેય નથી.

પ્રશ્નકર્તા : વાત બરાબર છે, પણ એ જે વિકારી કિનારાથી નિર્વિકારી કિનારામાં પહોંચવા માટે કંઈક તો નાવડું હોવું જોઈએ ને ?

દાદાશ્રી : હા, એના માટે જ્ઞાન હોય છે. એના માટે ગુરુ એવા મળવા જોઈએ. ગુરુ વિકારી ના હોવા જોઈએ.

સહેજ વિકારી સંબંધવાળો હોય ત્યાં સુધી દુનિયામાં કોઈને સુધારી શકે નહીં. વિકારી સ્વભાવ જ આત્મઘાતી સ્વભાવ. અત્યાર સુધી કોઈએ શીખવાડ્યું નથી કશું ?

પ્રશ્નકર્તા : ઘરમાં રહીને મનના વિકારો છૂટી શકે ?

દાદાશ્રી : હા, બધું છૂટી જ જાય છે ને ! ઘરમાં રહીને તો શું, ગમે ત્યાં રહીને છૂટી જાય, જો 'જ્ઞાની પુરુષ' મળે તો. 'જ્ઞાની પુરુષ' મળે અને જો કદી વિકાર ના છૂટી જાય, તો એ જ્ઞાની જ ન હોય. આપણે જ્ઞાનીને કહેવું, કે આપ કેવા મળ્યા અમને, તે અમને આ વિકાર ઉત્પન્ન થયા ? પણ આપણા લોકો વિનયી એટલે એવું નથી બોલતા બિચારા. અફળાય અફળાય કરે છે તોય નથી બોલતા.

ન જાણ્યું જગતે સ્વરૂપ વાસનાનું

પ્રશ્નકર્તા : કામવાસનાનું સુખ ક્ષણિક જાણવા છતાં ક્યારેક તેની પ્રબળ ઈચ્છા થવાનું કારણ શું ? અને તે કઈ રીતે અંકુશમાં લઈ શકાય ?

દાદાશ્રી : કામવાસનાનું સ્વરૂપ જગતે જાણ્યું જ નથી. કામવાસના શાથી ઉત્પન્ન થાય છે, એ જો જાણે તો એ કાબૂમાં લઈ શકાય. પણ વસ્તુસ્થિતિમાં એ ક્યાંથી ઉત્પન્ન થાય છે, એ જાણતો જ નથી. પછી શી રીતે કાબૂમાં લઈ શકે ? કોઈ કાબૂમાં લઈ ના શકે. જેણે કાબૂમાં લીધેલું છે, એવું દેખાય છે, એ તો પૂર્વેની ભાવનાનું ફળ છે. બાકી કામવાસનાનું

સ્વરૂપ ક્યાંથી ઉત્પન્ન થયું, એ ઉત્પન્ન દશા જાણે, ત્યાં જ તાળું મારવામાં આવે તો જ એ કાબૂમાં લઈ શકે. બાકી પછી એ તાળા મારે કે ગમે તે કરે તોય કશું ચાલે નહીં. કામવાસના ના કરવી હોય તો અમે રસ્તો દેખાડીએ.

અભિપ્રાય બદલતા વિષય બંધ

પ્રશ્નકર્તા : પણ માનસશાસ્ત્રીઓ કહે છે કે વિષય બંધ થાય જ નહીં, છેક સુધી રહે. એટલે પછી વીર્યનું ઊર્ધ્વગમન થાય જ નહીં ને ?

દાદાશ્રી : હું શું કહું છું કે વિષયનો અભિપ્રાય બદલાય કે પછી વિષય રહેતો જ નથી ! જ્યાં સુધી અભિપ્રાય બદલાય નહીં, ત્યાં સુધી વીર્યનું ઊર્ધ્વગમન થાય જ નહીં. આપણે અહીં તો સીધો આત્મામાં જ ઘાલી દેવાનો છે, એનું નામ જ ઊર્ધ્વગમન છે ! વિષય બંધ કરવાથી એને આત્માનું સુખ વર્તાય અને વિષય બંધ થયો એટલે વીર્યનું ઊર્ધ્વગમન થાય જ. અમારી આજ્ઞા જ એવી છે કે વિષય બંધ થઈ જાય છે.

પ્રશ્નકર્તા : આજ્ઞામાં શું હોય છે ? સ્થૂળ બંધ કરવાનું ?

દાદાશ્રી : સ્થૂળને અમે કંઈ કહેતા જ નથી. મન-બુદ્ધિ-ચિત્ત ને અહંકાર બ્રહ્મચર્યમાં રહે એવું હોવું જોઈએ. અને મન-બુદ્ધિ-ચિત્ત ને અહંકાર, બ્રહ્મચર્ય માટે ફરી ગયા એટલે સ્થૂળ તો એની મેળે આવે જ. તારા મન-બુદ્ધિ-ચિત્ત ને અહંકારને ફેરવ. અમારી આજ્ઞા એવી છે કે આ ચારેય ફરી જ જાય છે !

અજ્ઞાનના વાંકે ઈન્દ્રિયોને ડામ

પ્રશ્નકર્તા : આ ઈન્દ્રિયો છે તે ભોગવ્યા સિવાય શાંત પડતી નથી, તો એ સિવાય બીજો ઉપાય ખરો ?

દાદાશ્રી : એવું કશું નથી. ઈન્દ્રિયો તો બિચારી ભોગ ઠેઠ સુધી ભોગવ્યા જ કરે છે. એનામાં જ્યાં સુધી સત્ત્વ હોય ત્યાં સુધી, જીભમાં બરકત હોય ને એની ઉપર આપણે કોઈ વસ્તુ મૂકીએ કે તરત એનો સ્વાદ આપણને કહી આપે. અને ઉંમર ઘૈડી થયેલી હોય ને જીભમાં બરકત ના હોય તો ના કહી આપે. આંખમાં બરકત હોય તો બધી ગમે તે વસ્તુ હોય તો કહી આપે. બરકત જરા ઓછી થયેલી હોય, ઘૈડપણને લઈને તો ના કહી આપે. એટલે ઈન્દ્રિયો તો બિચારી એમ ને એમ મોળી થઈ જાય છે, ઉંમર થાય એટલે. પણ એ વિષય મોળા ના થાય. આ ઈન્દ્રિયો વિષયી નથી.

વિષય આ ઈન્દ્રિયોનો દોષ નથી. ઈન્દ્રિયોને વગર કામના ડામ દે છે આ લોકો. ઈન્દ્રિયોને, શરીરને બધા ડામ દે છે ને ? એ પાડાના વાંકે પખાલીને ડામ દે છે. વાંક પાડાનો છે અને દે છે પખાલીને ડામ. વગર કામનું ભૂખે મારે છે, મૂઆ. એનું શું કામ નામ દે છે તું ? પાંસરો મર ને ! તારું વાંકું છે મહીં, દાનત ચોર છે અને તેય જ્ઞાની મળ્યા નથી. જ્ઞાની મળે તો સવળે રસ્તે ચડાવી દેવાય, વાર ના લાગે.

પ્રશ્નકર્તા : વિષયોમાંથી વાળવા માટે જ્ઞાન મહત્ત્વની વસ્તુ છે.

દાદાશ્રી : બધા વિષયો છૂટી જવા માટે જ્ઞાન જ છે જરૂરી. અજ્ઞાનથી જ વિષયો વળગ્યા છે. તે ગમે એટલા તાળા વાસે તોય કંઈ વિષય બંધ ન થાય. ઈન્દ્રિયોને તાળા મારનારા મેં જોયા, પણ એમ કંઈ વિષય બંધ થાય નહીં. જ્ઞાનથી બધું જતું રહે.

મનને નહીં, મનના કૉઝિઝને આંતરવા

પ્રશ્નકર્તા : મનને જ્યારે વિષય તરફ ભોગવવા માટે આપણે છૂટ આપીએ છીએ, ત્યારે એ છે તો નીરસ રહે છે અને જ્યારે આપણે એને વિષયો ભોગવવા માટે કંટ્રોલ કરીએ છીએ, ત્યારે એ વધારે ઉછળે છે, આકર્ષણ રહે છે, તો એનું શું કારણ ?

દાદાશ્રી : એવું છે ને, મનને કંટ્રોલ આનું નામ કહેવાય નહીં. જે આપણો કંટ્રોલ સ્વીકારે નહીં એ કંટ્રોલ જ ન્હોય. કંટ્રોલર હોવો જોઈએ ને ? પોતે કંટ્રોલર હોય તો કંટ્રોલ સ્વીકારે. પોતે કંટ્રોલર છે નહીં, એટલે મન નથી માનતું. મન તમને ગાંઠતું નથી ને ?

મનને આંતરવાનું નથી, મનના કૉઝિઝને આંતરવાના છે. મન તો પોતે એક પરિણામ છે. એ પરિણામ બતાવ્યા વગર રહેશે નહીં. પરીક્ષાનું એ રિઝલ્ટ છે. પરિણામ બદલાય નહીં, પરીક્ષા બદલવાની છે. એ પરિણામ જેનાથી ઊભું થાય છે એ કારણોને બંધ કરવાના છે. ત્યારે તે શી રીતે પકડાય ? શાનાથી ઊભું થયું છે મન ? ત્યારે કહે, વિષયમાં ચોટેલું છે. 'ક્યાં ચોટેલું છે' એ ખોળી કાઢવું જોઈએ અને પછી ત્યાં કાપવાનું છે.

પ્રશ્નકર્તા : એ વિષયોમાંથી બંધ કેવી રીતે કરવું મનને ?

દાદાશ્રી : વિષયોમાંથી બંધ નહીં કરવાનું. જે વિષયો મન ઊભા કરે છે અને એ મન છે તે પછી પકડ પકડે છે. એ વિષયોને આપણે જ્યાં ત્યાં એ ધીમે ધીમે કમી કરવા જોઈએ. એટલે એના કૉઝિઝ બંધ કરવા જોઈએ.

આપણે પાડોશીને કહીએ કે ભઈ, તમારે અમારી જોડે ઝઘડો કરવો નહીં. અમારી જોડે આ તકરાર કરવી નહીં, તોય તકરાર થયા કરતી હોય તો આપણે ના સમજીએ કે કંઈ ભૂલ બીજી જ છે. સમજીએ કે ના સમજીએ ? ત્યારે કહે, શી ભૂલ ? ત્યારે કહે, આ ઝઘડો ના થાય એવા કારણો ઊભા કરો પછી. એટલે પેલો ઝઘડો તો થઈ જ જશે થોડા દહાડા, પણ ઝઘડો ન થવાના કારણોનું જ્યારે સેવન થાય ત્યારે પછી તેવા પરિણામ આવશે. ઝઘડાના કારણો સેવ્યા કરીએ અને ઝઘડો બંધ કરીએ, એ બને ખરું ?

પ્રશ્નકર્તા : ના બને.

દાદાશ્રી : એટલે એના કારણો બંધ કરવા પડે. મેં કહ્યું છે ને, મન-વચન-કાયા એ ઈફેક્ટિવ વસ્તુ છે. એના કૉઝિઝ બંધ કરો !

પ્રશ્નકર્તા : કારણ બંધ કરવા એટલે ? આવું ના થાય એવા ભાવ કરવા એવું જ ને ?

દાદાશ્રી : આપણે કારણ બંધ કરવું, એટલે ગઈકાલે પોલીસવાળા એ આપણું નામ લખી લીધું હોય. સાયકલ ઉપર જતા હોય ને લાઈટ ન હોય તો નામ લખી લીધું હોય તો બીજે દહાડે આપણે કૉઝિઝ બંધ કરીએ કે ના બંધ કરીએ ? ભઈ, આજ તો લાઈટ ઘાલો. તો પછી લખી લે ? એ કારણ બંધ થઈ જાય ને ? એવી જ રીતે આ કૉઝિઝ બંધ કરવાના છે. બધું આવડે એવું છે, ફક્ત 'ચા'ની જ ટેવ પડી છે, એટલી જ છે ભાંજગડ.

લાવો, જરા 'ચા' પીએ. મહીં અકળાશે, તે ઘડીએ ચા પીવાની જરૂર નથી. વિચારવાની જરૂર છે, ત્યારે ચા પી નાખે છે ત્યાં. જ્યાં વિચારવાનો સ્કોપ મળે અને મગજ ગૂંચાય, ત્યારે કહે, 'ચા પીવી જોઈએ.' અલ્યા મૂઆ, અત્યારે વિચારવાની જરૂર છે. ચા હમણે રહેવા દે, સવારે પીજે. કૉઝિઝ બંધ કરીએ તો થાય કે ના થાય ?

પ્રશ્નકર્તા : સમજાયું.

દાદાશ્રી : એક ફેરો કો'કની જોડે અવિનય કરીએ આપણે, ખસ અહીંથી આઘો. તો એ ગાળ દઈ દે, તો આપણે બીજી વખત એવું ના કરીએ ને ?

પ્રશ્નકર્તા : ના કરીએ.

દાદાશ્રી : પેલું એ તો બંધ નહીં થાય. તમે આ રસ્તો બદલો, એનું નામ જ્ઞાન. પેલું બંધ કરવા પ્રયત્ન કરે તેનું નામ જ ભ્રાંતિ. ભ્રાંતિ હંમેશાં ઈફેક્ટને જ તોડવા ફરે છે. જ્યારે જ્ઞાન કૉઝિઝને બંધ કરવા ફરે છે.

દરાજ ખંજવાળે એવું સુખ

પ્રશ્નકર્તા : દાદા, ખરું કહું ને તો હજી વિષયમાં મને પોતાને કો'ક વખત સ્વાદ આવી જાય છે.

દાદાશ્રી : એ સ્વાદ તને છોડતો નથી ? પણ આમાં સ્વાદ જેવું છે જ ક્યાં ? નર્યો ગંદવાડો ! આ ગંદવાડાને ચૂસવા જઈએ તોય એમાં એટલી બધી ગંધ છે, ઓહોહો એટલી બધી ગંધ છે ! કેટલી ગંધ હશે ? પાર વગરની ગંધ છે ! કૃપાળુદેવે શું લખ્યું છે તે વાંચ્યું છે ? એમણે એનું વર્ણન કર્યું છે તે આપણને ચીતરી ચઢે.

પ્રશ્નકર્તા : છતાંય પણ આ ઈન્દ્રિયને એમાં સ્વાદ આવી જાય છે ને ?

દાદાશ્રી : સ્વાદ કશો નથી આવતો. એ સ્વાદ તો દરાજ થઈ હોય ને વલૂરે, તે એવો સ્વાદ આવે છે ! એ વલૂરે ત્યારે આપણે કહીએ, 'હવે બંધ રાખતો.' તો પણ એનો એવો સ્વાદ આવે છે, તે છોડતો નથી. પછી લ્હાય બળે છે ત્યારે પાછું ખરાબ લાગે ! લ્હાય તો બળે જ ને ! કૃપાળુદેવે આ સુખની સરખામણી દરાજ વલૂરે એના જેવું સુખ કહ્યું. માણસ વિષય કરતો હોય તો તે ઘડીએ એનો ફોટો પાડીએ તો કેવો દેખાય ?

પ્રશ્નકર્તા : ગધેડા જેવો !

દાદાશ્રી : એમ ! શું વાત કરે છે ? એ તો આ મનુષ્યને શોભે ?

વિષયમાં સુખ શી રીતે ?

વિચારવાન માણસ વિષયમાં સુખ શી રીતે માની બેઠો છે, તેની જ મને નવાઈ લાગે છે ! વિષયના પૃથક્કરણ કરે તો ખરજવાને વલૂરવા જેવું છે. અમને તો ખૂબ ખૂબ વિચાર આવે ને થાય કે અરેરે ! અનંત અવતાર આનું આ જ કર્યું ! જેટલું આપણને નથી ગમતું, તે બધું જ વિષયમાં છે. નરી ગંધ છે ! આંખને જોવું ના ગમે. નાકને સૂંઘવું ના ગમે. તેં સૂંઘી જોયું'તું ? સૂંઘી જોવું હતું ને ? તો વૈરાગ તો આવે. કાનને રૂચે નહીં. ફક્ત ચામડીને રૂચે. લોક તો ખોખાને જુએ, માલને ના જુએ. ખોખામાં તો જે ચીજ નથી ગમતી, તે જ ચીજો ભરેલી છે. નર્યો દુર્ગંધનો કોથળો છે ! પણ મોહને લીધે ભાન નથી રહેતું ને તેથી તો જગત આખું ચક્કરે ચઢ્યું છે.

આ વાંદરા સ્ટેશનની ખાડી આવે છે, તેની ગંધ ગમે ? એથી પણ બૂરી ગંધ આ ખોખામાં છે. આંખને ના ગમે એવા ચિત્ર-વિચિત્ર પાર્ટસ્ મહીં છે. આ કોથળામાં તો પાર વગરનો વિચિત્ર ગંદવાડો છે ! આ આપણી મહીં હૃદય છે, તે જ લોચો કાઢીને આપણા હાથમાં મૂકે તો ? અને કહે કે જોડે હાથમાં રાખીને સૂઈ જા, તો ? ઊંઘ જ ના આવે ને ! આ તો દરિયાના વિચિત્ર જીવડાં જેવું દેખાય. જે નથી ગમતું એ બધું જ આ દેહમાં છે. આ આંખો આમ બહુ રૂપાળી દેખાતી હોય, પણ મોતિયો આવ્યો ને એ ધોળી આંખો દેખી હોય તો ? ના ગમે. ઓહોહો ! વધારેમાં વધારે દુઃખ આમાં છે. આ દારૂ જે કેફ કરે છે, એ દારૂની ગંધ માણસને ગમતી નથી અને આ વિષય તો સર્વ ગંધનું કારણ છે. બધી જ ના ગમતી વસ્તુઓ ત્યાં છે. હવે શું હશે આ અજાયબી ? આમાંથી છૂટ્યા એટલે પછી રાજા. ભૂખ્યા જ ના હોય, તેને શું ? ભૂખ્યો હોય, તે હોટલોમાં પેસે ને ? જ્યાં ને ત્યાં ડાફોડિયું મારે, પણ જે જમ્યો છે, જમીને નિરાંતે ફરે છે, રસ-રોટલી ખઈને ફરે છે, એ શાના હારુ ત્યાં હોટલોમાં પેસે ? ગંદવાડાવાળી હોટલો ! વિષયને ઊંડો વિચારવાથી એ જ લાગે કે આ ગટર તો ઉઘાડવા જેવી જ નથી. કેટલું બધું બંધન ! આ જગત તેથી જ ઊભું રહ્યું છે ને !

આખી દુનિયાનો એ એંઠવાડો

બાકી, વિષયભોગ એ તો નર્યો એંઠવાડો

જ છે, આખી દુનિયાનો એંઠવાડો છે. આત્માનો આવો ખોરાક તે હોતો હશે ? આત્માને બહારની કશી વસ્તુની જરૂર નથી, નિરાલંબ છે. કોઈ અવલંબનની એને જરૂર નથી. પરમાત્મા જ છે પોતે. નિરાલંબ અનુભવમાં આવે, એટલે પરમાત્મા થઈ જ ગયો ! એને કશું જ અડે નહીં. ભીંતોની આરપાર ચાલ્યો જાય એવો આત્મા અંદર છે, અનંત સુખનું ધામ છે !

આ ખોખાને આપણે શું કરવાનું ? ખોખું તો કાલે સડી જાય, પડી જાય, કોહવાઈ જાય. ખોખું તો શાનું બનેલું છે, એ આપણે નથી જાણતા ? છતાં લોકો ભૂલી જાય છે ને ? ભૂલી જતા હશે લોકો ? પણ આ ખોખું તમનેય ભૂલથાપ ખવડાવી દે. અમારે જ્ઞાની પુરુષને આમ આરપાર દેખાય. કપડાં બધું હોય છતાં કપડાંની મહીં, ચામડીની મહીં જેમ છે તેમ યથાવત દેખાય. પછી રાગ ક્યાં થાય ? પોતે એક આત્મા જ જુએ ને બીજો બધો તો આ કચરો છે, સડેલો માલ છે. એમાં શું જોવા જેવું છે ? ત્યાં જ રાગ થાય છે, એ જ અજાયબી છે ને ! પોતે નથી જાણતો ? જાણે છે બધું જ, પણ એને આવી સમજ આપી નથી. જ્ઞાનીઓએ માલ પહેલેથી જ જોયેલો છે. આમાં નવું શું છે તે ? પાછો વહુની જોડે સૂઈ જાય છે. અલ્યા, આ માંસને જ દાબીને સૂઈ જાય છે ! પણ એ તો ભાન નથી ને ! એનું નામ જ મોહ ને ! અમને નિરંતર જાગૃતિ હોય, એવરી સેકન્ડ જાગૃતિ હોય, એટલે અમે બધું જાણીએ કે નર્યું માંસ જ છે આ બધું.

હવે આવી વાત કોઈ કરતું નથી ને ! કારણ કે લોકોને વિષય ગમે છે. એટલે આ વાત કાઢે નહીં ને કોઈ ! જે નિર્વિષયી છે એ જ આ વાત કાઢે, નહીં તો આવું ખુલમ્ ખુલ્લું કોણ કહે ? છેવટે તો આ બધું છોડ્યા વગર છૂટકો જ નથી. તમે અમને કહો કે મારે બ્રહ્મચર્ય વ્રત લેવું છે. તો અમે હા પાડીએ. શાથી, કે ભઈ, બહુ સારું છે બા. ખરો સુખી થવાનો માર્ગ આ છે, જો ઉદય તમારો હોય તો. નહીં તો પૈણો. પૈણીને અનુભવો. એક ફેરો અનુભવ થયો એટલે પછી બીજા અવતારમાં છૂટી જશે.

પ્રશ્નકર્તા : કો'ક છૂટી જાય, નહીં તો બાકી છૂટવું મુશ્કેલ છે.

દાદાશ્રી : એ અનુભવને નોંધ કરે તો છૂટે. અમે તો ક્ષણે ક્ષણે નોંધ કરવાવાળા.

પ્રશ્નકર્તા : એવો તો કો'ક જ નોંધ કરવાવાળો હોય, નહીં તો કીચડમાં ઊતરતો જ જાય.

દાદાશ્રી : હા, એ તો કાદવ જ છે, ઊંડો કાદવ છે. એમાં ઊતરતો જ જાય. રિસર્ચ તો નિર્વિષયી હોય તે કરી શકે. વિષયી માણસ રિસર્ચ કરી શકે જ નહીં.

તપાસો વિષયનું પૃથક્કરણ

એક ભાઈને વૈરાગ નહોતો આવતો. તેથી મેં એને 'થ્રી વિઝન' આપ્યા. પછી એવું થ્રી વિઝને જોયું, તો એને બહુ સરસ વૈરાગ આવી ગયો. તારે એવું જોવું પડે ખરું ?

પ્રશ્નકર્તા : હા, એવો ઉપયોગ કરવો પડે.

દાદાશ્રી : એમ ? એટલે હજુ મોહ ખરો ને ?

પ્રશ્નકર્તા : હા, હજુએ આમ કો'ક વખત મોહ ચઢે. ધારો કે બૈરી સરસ કપડાં પહેરીને આમ ચાલે તો, પછી મહીં મૂર્છા ઉત્પન્ન થાય.

દાદાશ્રી : એમ ? ત્યારે પેલા જાપાનીઝ પૂતળાને સરસ કપડાં પહેરાવે છે, ત્યાં કેમ મોહ નથી થતો ? સ્ત્રીનું મડદું હોય અને તેને સારા કપડાં પહેરાવે તો મોહ થાય ?

પ્રશ્નકર્તા : ના થાય.

દાદાશ્રી : કેમ ના થાય ? તો આ બધાને

શેનો મોહ થાય છે ? સ્ત્રી છે, કપડાં સારા પહેર્યાં છે, પછી મડદું હોય ને મહીં આત્મા નથી તેની ઉપર મોહ થાય ? તો શેની ઉપર મોહ થાય છે, એ વિચાર્યું નથી ને ? આત્મા ના હોય એવી સ્ત્રી જોડે મોહ કરે કોઈ ?

પ્રશ્નકર્તા : ના કરે.

દાદાશ્રી : તો એનું શું કારણ ? તો એ શું આત્મા જોડે મોહ કરે છે ? તારી જે બૈરી છે ને, એની ઉપર ગયા અવતારની તારી દૃષ્ટિ ચોંટી ગયેલી, તેનું આ ફળ આવ્યું છે.

પ્રશ્નકર્તા : મારા વિચારો બ્રહ્મચર્ય લેવાના છે ને એનો એવો વિચાર નથી, તેથી એ એવી બગડી છે ને !

દાદાશ્રી : એ જ પરવશતા ને ! કેટલી બધી પરવશતા !

પ્રશ્નકર્તા : અને એને તો ઊલટું આશ્ચર્ય લાગે છે કે તમને મારા પર આકર્ષણ કેમ થતું નથી ?

દાદાશ્રી : એને એમ કહેવું કે તું આમ સંડાસમાં અંદર જાય છે, તોય મને બહાર રહીને દેખાય છે એટલે આકર્ષણ થતું નથી.

પ્રશ્નકર્તા : તો તો એ ભડકી જાય.

દાદાશ્રી : નહીં, પણ એને સમજણ પડે કે સંડાસ જઉં એવું દેખાય તો તો આકર્ષણ જ કેમ થાય ? એ કેવું ખરાબ દેખાય ! પણ આય બોમ્બ ફાટે એવું થઈ જાય ને ! તો આમેય ફસામણ થઈ ગઈ ને ! લક્કડકા લાડુ ખાયા વો ભી પસ્તાયા, નહીં ખાયા વો ભી પસ્તાયા.

વિકારી સંબંધ ત્યાં સુધી ડખાડખી

આ તો વૈરાગ્ય જ નથી આવતો ! અલ્યા, આ વિષય પ્રિય છે કે તને આ ગાળો પ્રિય છે ? મને તો એક ગાળ કોઈએ દીધી હોય તો ફરી સંબંધ જ એની જોડે કટ કરી દઉં, પછી બહારનો સંબંધ રાખું પણ આંતરિક સંબંધ કટ ! કંઈ ગાળો ખાવા માટે આ અવતાર છે ?

તમારે ઘરમાં રોજની ડખાડખ ના પસંદ હોય, તો પછી એની જોડે વિકારી સંબંધ જ બંધ કરી દેવો, પાશવતા બંધ કરી દેવી. વિષય તો હડહડતી પાશવતા છે. માટે આ પાશવતા બંધ કરી દેવી. બુદ્ધિશાળી સમજણવાળો હોય, તેને વિચાર ના આવે ? ફોટો લે તો કેવો દેખાય ? તોય શરમ ના આવે ? મેં આવું કહ્યું ત્યારે વિચાર આવે, નહીં તો આવો વિચાર ક્યાંથી આવે ? અને જ્યાં સુધી તમારે વિકાર સંબંધ છે, ત્યાં સુધી આ ડખાડખ રહેવાની જ. એટલે અમે તમારી ડખાડખમાં વચ્ચે પડીએ જ નહીં. અમે જાણીએ કે વિકાર બંધ થશે, ત્યારે એની જોડે ડખો બંધ થઈ જ જાય. એક ફેરો એની જોડે વિકાર બંધ કરી દીધો ને, પછી તો આ એમને મારે તોય એ કશું ના બોલે. કારણ કે એ જાણે કે હવે મારી દશા બેસી જશે ! માટે આપણી ભૂલથી આ બધું ઊભું છે. આપણી ભૂલે જ આ બધા દુઃખો છે. વીતરાગો કેવા ડાહ્યા ! ભગવાન મહાવીર તો ત્રીસ વર્ષે (ઘરથી) છૂટા થઈને મસ્તીમાં ફરતા હતા !

એની જોડે વિષય બંધ કર્યા સિવાય બીજો ઉપાય જ નથી. આ દુનિયામાં કોઈને આ સિવાય બીજો ઉપાય જડ્યો જ નથી. કારણ કે આ જગતમાં રાગ-દ્વેષનું મૂળ કારણ જ આ છે, મૌલિક કારણ જ આ છે. અહીંથી જ બધો રાગ-દ્વેષ ઊભો થયો. સંસાર બધો અહીંથી જ ઊભો થયો છે. એટલે સંસાર બંધ કરવો હોય તો અહીંથી જ બંધ કરી દેવો પડે. પછી કેરીઓ ખાવ, ફાવે એ ખાવ ને ! બાર રૂપિયે ડઝનવાળી કેરીઓ ખાવ ને, કોઈ પૂછનાર નથી. કારણ કે કેરીઓ સામો દાવો નહીં માંડે. તમે એને ના ખાવ ને, તો એ કંઈ કકળાટ નહીં કરે અને આ સંબંધમાં તો તમે કહેશો કે 'મારે નથી જોઈતું.' ત્યારે એ કહેશે કે 'ના, મારે તો

જોઈએ જ છે.' એ કહેશે કે 'મારે સિનેમા જોવા જવું છે', ત્યારે તમે ન જાવ તો કકળાટ ! આવી જ બન્યું જાણે ! કારણ કે સામો મિશ્રચેતન છે અને એ કરારી છે, એટલે દાવો માંડે !

સ્થૂળ ક્લેશનું મૂળિયું - વિષય

પ્રશ્નકર્તા : મેં ઘણા સારા મહાત્માઓ જોયા છે, મોટી મોટી જ્ઞાનની વાતો કરે છે પણ એમનો સ્થૂળ ક્લેશ નથી જતો. સૂક્ષ્મ ક્લેશ તો વખતે હોય, એ ના જાય, પણ સ્થૂળ ક્લેશ આપણાથી કેમ ના જાય ?

દાદાશ્રી : એવું. આ બધાનું મૂળ છે વિષય. અને આ દુનિયામાં મોટામાં મોટી ફસામણ હોય તો વિષય, અને એમાં કશુંય સુખ નથી, બળ્યું ! સુખ કશુંય નથી અને એના ઝઘડા પાર વગરના ઊભા થાય છે ! ડખાડખ શાથી ઘરમાં થાય છે ? બેઉ વિષયી હોય, જાનવર જેવા વિષયી હોય, પછી આખો દહાડો અથડામણ થયા કરે.

પ્રશ્નકર્તા : પણ મને એ સમજણ પડતી નથી કે ક્લેશ અને વિષયને મેળ કેમનો ખાતો હશે ? ઝઘડો અને વિષય, એ બેને મેળ કેમનો ખાય ? એ મારા મગજમાં નથી ઊતરતું. મારઝૂડ સુધીનો ક્લેશ અને વિષય, એ બેને મેળ ખાય ? શું માણસ ત્યારે આંધળો બની જતો હશે ?

દાદાશ્રી : અરે, સામસામી મારે.

પ્રશ્નકર્તા : હા, પણ વિષયના પરમાણુ ઊભા થાય ત્યારે આંધળો બની જતો હશે ? એને મહીં યાદ નહીં આવતું હોય કે આપણે મારામારી કરતા હતા ?

દાદાશ્રી : આ મારામારી કરે ને, ત્યારે તો વિષયની મઝા આવે એમને ! પાછું સ્વમાન જેવું કશું નહીં. પેલી આને ધોલ મારે, ત્યારે આ પેલીને ધોલ મારે. પાછો ધણી અમને આવીને કહી જાય કે મને મારી બૈરી મારે છે ! ત્યારે હું કહુંય ખરો કે હેં, તારે તો આવી મળી ! તો તો તારું કલ્યાણ થઈ જાય (!)

પ્રશ્નકર્તા : આ બધો ફજેતો સાંભળતા જ આમ ત્રાસ થઈ જાય કે આ લોકો કેવી રીતે જીવતા હશે ?

દાદાશ્રી : છતાંય જીવે છે ને ! દુનિયા તેં જોઈ ને ! અને ના જીવે તો શું કરે ? ત્યારે કંઈ મરી જવાય છે ?

પ્રશ્નકર્તા : પણ આપણને આ બધું જોઈને કંપારી છૂટી જાય ! પાછું એમ થાય કે રોજ ને રોજ આવા જ ઝઘડા ચાલ્યા કરે, છતાં ધણી-બૈરીને આનો ઉકેલ લાવવાનું મન ના થાય, એ અજાયબી છે ને !

દાદાશ્રી : એ તો કેટલાય વર્ષોથી, પૈણ્યા ત્યારથી આવું ચાલે છે ! પૈણ્યા ત્યારથી એક બાજુ ઝઘડાય ચાલુ છે અને એક બાજુ વિષયેય ચાલુ છે ! તેથી તો અમે કહ્યું કે તમે બન્ને બ્રહ્મચર્ય વ્રત લઈ લો, તો ઉત્તમ લાઈફ થઈ જાય. એટલે આ બધી વઢવાડ પોતાની ગરજના માર્યા કરે છે. પેલી જાણે કે એ છેવટે ક્યાં જવાના છે ! પેલોય જાણે કે એ ક્યાં જવાની છે ! આમ સામસામી ગરજથી ઊભું રહ્યું છે.

વિષયમાં પડે અનંતકાળના વેર બીજ

આપણે અહીં તો એક જ કરવા જેવું છે કે વેર ના વધે. અને વેર વધારવાનું મુખ્ય કારખાનું કયું છે ? આ સ્ત્રીવિષય અને પુરુષવિષય !

પ્રશ્નકર્તા : એમાં વેર કેવી રીતે બંધાય ? અનંતકાળનું વેર બીજ પડે છે એ કેવી રીતે ?

દાદાશ્રી : એવું છે ને, કે આ મરેલા પુરુષ કે મરેલી સ્ત્રી હોય તો એમ માનો ને કે એમાં કોઈ દવાઓ ભરી અને પુરુષ પુરુષ જેવો જ રહેતો હોય ને સ્ત્રી સ્ત્રી જેવી જ રહેતી હોય તો વાંધો નહીં,

એની જોડે વેર નહીં બંધાય. કારણ કે એ જીવતું નથી. અને આ તો જીવતું છે, ત્યાં વેર બંધાય છે.

પ્રશ્નકર્તા : તે શાથી બંધાય છે ?

દાદાશ્રી : અભિપ્રાય 'ડિફરન્સ' છે તેથી. તમે કહો કે 'મારે અત્યારે સિનેમા જોવા જવું છે. ત્યારે એ કહેશે કે 'ના, આજ તો મારે નાટક જોવા જવું છે.' એટલે ટાઈમિંગ નહીં મળી રહે.

વિષયની ભીખ મંગાતી હશે ?

સ્ત્રીઓ ધણીને દબડાવે છે, એનું શું કારણ ? પુરુષ બહુ વિષયી હોય એટલે દબડાવે. આ સ્ત્રીઓ જમવાનું જમાડે છે તેથી દબડાવતી નથી, વિષયથી દબડાવે છે ! જો પુરુષ વિષયી ના હોય તો કોઈ સ્ત્રી દબડાવે જ નહીં. નબળાઈનો જ લાભ લે, પણ જો નબળાઈ ના હોય તો સ્ત્રી કશું નામ જ ના દે. સ્ત્રી જાતિ બહુ કપટવાળી છે અને આપણે ભોળા ! એટલે આપણે બે-બે, ચાર-ચાર મહિનાનો કંટ્રોલ રાખવો પડે, તો પછી એ એની મેળે થાકી જાય. તે એને પછી કંટ્રોલ રહે નહીં.

સ્ત્રી જાતિ વશ ક્યારે થાય ? આપણે વિષયમાં બહુ સેન્સિટિવ હોઈએ તો, એ આપણને વશ કરી નાખે ! પણ આપણે વિષયી હોઈએ પણ એમાં સેન્સિટિવ ના થઈએ તો એ વશ થાય ! જો એ 'જમવા' બોલાવે તો તમે કહો કે હમણાં નહીં, બે-ત્રણ દિવસ પછી, તો એ તમારા વશ રહે ! નહીં તો તમે વશ થાઓ ! આ વાત હું પંદર વર્ષે સમજી ગયો હતો. કેટલાક તો વિષયની ભીખ માગે કે 'આજનો દિવસ !' અલ્યા, વિષયની ભીખ મંગાય ? પછી તારી શી દશા થાય ? સ્ત્રી શું કરે ? ચઢી બેસે. સિનેમા જોવા જાઓ તો કહેશે, 'છોકરું ઊંચકી લો.' આપણા મહાત્માઓને વિષય હોય, પણ વિષયની ભીખ ના હોય. વિષય અને વિષયની ભીખ, એ બે વસ્તુ જુદી છે. જ્યાં માન, કીર્તિ, વિષયોની ભીખ ના હોય, ત્યાં ભગવાન હોય.

વિષયમાં બહુ સેન્ટિમેન્ટલ ના હોય તો છૂટી જવાય. વિષયની ભીખ ના માગવી. કેટલાક તો વિષયની ભીખ માગે. અરે, પગે હઉ લાગે ! કેટલાક તો મને એવું હઉ કહી ગયેલા, કે 'મારી સ્ત્રી તો વિષયને માટે ના પાડે, તો હવે હું શું કરું ?' મેં કહ્યું, કે 'બા કહેજે, એટલે હા પાડશે (!)' મેરચક્કર, તને શરમ નથી આવતી ? ના આપે તો શું તેને બા કહેવી ? તો મેલ પૂળો, 'મારે જોઈતુંય નથી', કહીએ. આ તો પોતે માગણીઓ કર્યા કરે પછી સ્ત્રી દબડાવ્યા જ કરે ને ! અને એ ના પાડે છે, તે તો સારું ઊલટું ! 'ભલું થયું ભાંગી જંજાળ.' એક વખત એણે ના પાડી એટલે આપણે ફાવ્યા. પછી એ માગણી કરે, તો એનો 'દાવો' જ ના સાંભળીએ. ફરી કહીએ, 'તેં ના પાડી એટલે મેં બંધ કરી દીધું, તાળું જ વાસી દીધું. ને તાળાને ચાવી મારી દીધી.' પણ મૂઓ પોતે ઢીલો હોય છે એટલે શું થાય ?

અત્યારે તો મને કેટલાય કહી જાય છે આપણા મહાત્માઓ, કે 'મને કાલાવાલા કરાવડાવે.' ત્યારે મેં કહ્યું, 'મૂઆ, તારો વક્કર જતો રહ્યો, શું કરાવડાવે ત્યારે ? સમજ ને હજુ, હજુ યોગી થઈ જા ને !' હવે આને ક્યાં પહોંચી વળાય ? આ દુનિયાને કંઈ પહોંચી વળાય ?

એક સ્ત્રી એના ધણીને ચાર વખત સાષ્ટાંગ કરાવડાવે છે, ત્યારે એક વખત અડવા દે છે. ત્યારે મૂઓ, એના કરતા આ સમાધિ લેતો હોય તો શું ખોટું ? દરિયામાં સમાધિ લે, તો સીધો દરિયો તો ખરો, ભાંજગડ તો નહીં ! આ હારુ ચાર વખત સાષ્ટાંગ !

આવું સાંભળ્યુંય નથી. આમાં ભૂલ થઈ છે, તેય જાણતા નથી. ભીખ માગે છે, તે ભૂલ થઈ છે, તેય ખબર નથી.

એક માણસ તો મને ફરિયાદ કરવા આવ્યો

મુંબઈમાં, અને કહે છે કે પાંચ વખત ફાઈલ નં. બેને પગે લાગ્યો ત્યારે મારો સંતોષ થયેલો. મૂઆ, આ કઈ જાતનો માણસ, જાનવર છું કે શું મૂઆ ? શું જોઈને મને કહેવા આવ્યો તું ? વિષયની ભીખ મંગાતી હશે ? તમને કેમ લાગે છે ? અલ્યા મૂઆ, પાંચ વખત ! હવે મને સીધું ડિરેક્ટ કહેવા આવ્યો તો મારે વઢવું પડ્યું. પછી મને કહે છે, 'હવે રસ્તો દેખાડો.' ત્યારે મેં કહ્યું, 'હવે આ છૂટી જાય તે પછી રસ્તો દેખાડાય.' ઊંધું ચાલે ત્યાર પછી શું થાય ?

મૂઆ, વિષયોની ભીખ માગો છો ! કઈ જાતના છો ? જાનવર કરતાય ભૂંડા છો ! વિષયની ભીખ મંગાતી હશે ? ખાવાની ભીખ ના મંગાય, ભૂખ્યા થયા હો તો કંઈ ભીખ મંગાતી હશે ? કંઈ શૂરવીરપણું જોઈએ કે ના જોઈએ ? હવે આટલું બધું અસંયમપણું કેમ પોષાય તે ? તમે ના સમજ્યા મેં વાત કરી તે ?

પ્રશ્નકર્તા : હા, સમજી ગયો.

દાદાશ્રી : આમ જે' જે' હઉ કરે માગતી વખતે. બળ્યું, તારી માંગ ! પાછો ધણી કહે છે, હું ધણી થઉં. અલ્યા મૂઆ, આવો ધણી હોતો હશે ? અયુક્ત લાગતું નથી તમને ? આ યુક્ત વસ્તુ છે ? શોભે માણસને ? એટલે થોડો ઘણો સંયમ હોવો જોઈએ, બધું હોવું જોઈએ.

માણસે સંયમી રહેવું જ જોઈએ. સંયમથી તો માણસની શોભા છે.

આ બાઉન્ડ્રી તમને બતાવું. કોઈ પણ વસ્તુમાં યાચકપણું ના જોઈએ. નહીં મળે તો કહેશે, 'જલેબી લાવો ને થોડીક, જલેબી લાવો.' મેલ ને મૂઆ, અનંત અવતાર જલેબી ખાધી તોય હજુ યાચકપણું રાખો છો ? જેને લાલસા હોય ને, તેને યાચકપણું થાય. યાચકપણું એ લાચારી છે, એક જાતની !

આ તો વિષયની ભીખ માગે છે એટલે એ બધા જાનવર કરતાય ભૂંડા જ કહેવાય ને ! હજી છે તે ખાવાની ભીખ મંગાય. પણ ખાવાની ભીખ માગતા નથી, ત્રણ દહાડા થાય તોય. એવા ખાનદાન માણસ વિષયની ભીખ માગે છે. મેં કહ્યું, 'જાણે કે અમેરિકામાં નહીં માગતા હોય ?' તો કહે છે, 'એ વાત જ જવા દો, અહીં બધું બહુ છે, વધારે પ્રમાણ છે.'

પ્રશ્નકર્તા : પુરુષોને વિષયની ભીખ હોય એમ સ્ત્રીઓને પણ વિષયની ભીખ હોય છે ને ?

દાદાશ્રી : હા, એટલું પુરુષને જો આવડી જાય ને, તો પુરુષ જીતી જાય જગત. જીતે નહીં તો પુરુષ યુઝલેસ (નકામો) થઈ જાય. પુરુષ, પુરુષ ક્યાં સુધી કહેવાય ? સ્ત્રી એની પાસે વિષયની ભીખ માગે ત્યાં સુધી ! વધુ વિષયી સ્ત્રી છે, છતાં પુરુષ મૂર્ખો બની જાય છે એય અજાયબી છે ને !

વિષયમાં આસક્તિ એ જ પરવશતા

મને કેટલાક માણસો કહે છે કે 'આ વિષયમાં એવું શું પડ્યું છે કે વિષયસુખને ચાખ્યા પછી મારી જાત મરણતુલ્ય થઈ જાય છે, મારું મન મરી જાય છે, વાણી મરી જાય છે ?' મેં કહ્યું, કે આ મરી ગયેલા જ છે બધા, પણ તમને ભાન નથી આવતું ને ફરી પાછી આની આ જ દશા ઉત્પન્ન થાય છે. નહીં તો બ્રહ્મચર્ય જો કદી સચવાય તો એક-એક મનુષ્યમાં તો કેટલી શક્તિ છે ! આત્માનું જ્ઞાન કરે એ સમયસાર કહેવાય. આત્માનું જ્ઞાન કરે અને જાગૃતિ રહે એટલે સમયનો સાર ઉત્પન્ન થયો અને બ્રહ્મચર્ય એ પુદ્‌ગલસાર છે. એટલે આ વિષયમાં તો એક દહાડોય બગાડાય નહીં, એ તો જંગલી અવસ્થા કહેવાય.

પ્રશ્નકર્તા : તો આ વિષયથી કેવી રીતે ખસાય ?

દાદાશ્રી : એક વાર એવું સમજે કે આ

ગંદવાડો છે, તો ખસાય. બાકી આ તો ગંદવાડો છે, એવુંય સમજ્યો જ નથી ! એટલે એવી પહેલા સમજ આવવી જોઈએ. અમને જ્ઞાનીઓને તો બધું 'ઓપન' (ખુલ્લું) દેખાય. એમાં શું શું હશે, તે મતિ તરત જ ચોગરદમ બધે ફરી વળે. મહીં કેવો ગંદવાડો છે ને શું શું કેવું છે, તે બધું દેખાડી દે ! જ્યારે આ તો વિષયો જ નથી. વિષયો તો જાનવરોને હોય. આ તો ખાલી આસક્તિ જ છે. બાકી વિષય તો કોનું નામ કહેવાય કે પરવશપણે કરવું પડે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવના આધારે પરવશપણે કરવું પડે. તે આ જાનવરોને બિચારાને હોય છે.

પ્રશ્નકર્તા : તો પછી પરવશતાથી ના કરે તો આસક્તિ કહેવાય ?

દાદાશ્રી : આસક્તિ જ કહેવાય ને ! આ તો શોખથી જ કરે છે. બે પલંગ વેચાતા લાવે છે ને જોડે મૂકે છે, ને મચ્છરદાની એક આખી લાવે છે. અલ્યા, આ તે કંઈ ધંધો છે ! મોક્ષે જવું હોય તો મોક્ષે જવાના ચાળા હોવા જોઈએ. મોક્ષે જવાના ચાળા કેવા હોય ? એકાંત શૈયાસનના. શૈયા ને આસન એકાંત હોય.

જ્યાં સુધી જે બાબતમાં અંધ છે, તે બાબતમાં ત્યાં સુધી દૃષ્ટિ ખીલે જ નહીં ને ઊલટો વધારે ને વધારે અંધ થતો જાય. એનાથી દૂર રહે, ત્યાર પછી છૂટો થાય. ત્યારે એની દૃષ્ટિ ખીલતી જાય, પછી સમજાતું જાય.

ડબલ બેડની પ્રથા તે હોતી હશે ?

પ્રશ્નકર્તા : આપનું વાક્ય નીકળેલું ને કે પુરુષો બૈરાં જોડે સૂઈને આટલા મોટા મરદ માણસ બૈરાં જેવા થઈ જાય.

દાદાશ્રી : થઈ જાય ને ! અલ્યા મૂઆ, એક પથારીમાં સૂવાતું હશે ? અલ્યા, કઈ જાતનો માણસ છે તે ? એ સ્ત્રીનીય શક્તિ ઊડી જાય અને બીજી એની શક્તિ, બન્નેની શક્તિ ડિફોર્મ થઈ (બગડી) જાય છે. અમેરિકાવાળાને માટે બરોબર છે, પણ એમનું જોઈને આપણેય લાવ્યા ડબલ બેડ, કિંગ બેડ !

આ બાબતમાં વિચાર્યું જ નથી ને ! આ કોઈએ કહ્યું નથી, આમાં તો ઠપકોય નથી આપ્યો કોઈએ, સમજણ જ પાડી નથી. ઊલટી આને ઉત્તેજના આપ્યા કરી કે ડબલ બેડ જોઈએ. આમ જોઈએ, તેમ જોઈએ....

ડબલ બેડની સિસ્ટમ બંધ કરો ને સિંગલ બેડની સિસ્ટમ રાખો. પહેલા હિન્દુસ્તાનમાં કોઈ માણસ આવી રીતે સૂતો નથી.

આ તો આપણા મહાત્માઓને કહેવાય, બહાર તો બોલાય નહીં. બહાર તો જે પ્રવાહ ચાલી રહ્યો છે, એ પ્રવાહના અવળા ચાલીએ એ ગુનો છે. એ કુદરતી પ્રવાહ છે. આ તો મહાત્માઓ પૂરતી વાત છે. આ સાપેક્ષ વાત છે, આ કંઈ નિરપેક્ષ વાત નથી. એ જે ડાહ્યા થઈ શકે એવા છે તેના પૂરતી, બહાર તો વાત કહેવાય જ નહીં ને ! એ તો જેને આ પ્રાપ્તિ થઈ છે, તેના માટે વાત છે.

ન યાદ આવે આત્મા બેડરૂમમાં

પ્રશ્નકર્તા : જ્ઞાન લીધા પછી નિરાકુળતા વર્તાય છે, છતાંય વિષયમાં આસક્તિ કેમ રહી જાય છે ?

દાદાશ્રી : મહીં એવો માલ ભર્યો છે, તે હજી એના મનમાં શ્રદ્ધા છે કે એમાં સુખ છે.

પ્રશ્નકર્તા : જ્ઞાન લીધા પછી સતત કેવળ આ ભાવ કરું છું છતાં (વિષય સુખની માન્યતા) નથી છૂટતી.

દાદાશ્રી : ના, પણ એ તો પહેલાનો હિસાબ છે ને ! એટલે છૂટકો જ ના થાય.

પ્રશ્નકર્તા : વિષય નથી, પણ હૂંફને માટે. એમ થાય કે ના, સાથે જ સૂવું છે.

દાદાશ્રી : ના, એમ નહીં, પણ એ તો જે આ હિસાબ છે ને, તે હિસાબ બધો ચૂકતે થાય છે. હા, એ ચૂકતે હિસાબ થયો ક્યારે કહેવાય, સાથે સૂઈ જતા હોય અને ના ગમતું હોય એ બધું, અંદર ગમતું ના હોય અને સૂઈ જવું પડતું હોય, ત્યારે હિસાબ ચૂકતે થયા. પણ ગમે છે કે નહીં એટલું તો પૂછી લેવું.

પ્રશ્નકર્તા : પોતાને ગમે, પણ મહીંથી પ્રજ્ઞાશક્તિ અથવા સમજ ચેતવે છે.

દાદાશ્રી : મનને તો ભલે ગમે, પણ આપણને ગમે ?

તમને સમજાયું ને, આ ભૂલ ક્યાં છે, કેવી થયેલી છે ? અને ભૂલ તો ભાંગવી પડશે ને ? પ્રારબ્ધમાં હોય તે ભોગવવાનું, પણ ભૂલ તો ભાંગવી જ પડે ને ? ભૂલ ભાંગવી ના પડે ?

અલ્યા, 'બેડરૂમ' ના કરાય. એ તો એક રૂમ હોય, તે બધા ભેગા સૂઈ રહેવાનું ને પેલી તો સંસારી જંજાળ ! આ તો 'બેડરૂમ' કરીને આખી રાત સંસારની જંજાળમાં પડ્યો હોય ! તે આત્માની વાત તો ક્યાંથી યાદ આવે ? 'બેડરૂમ'માં આત્માની વાત યાદ આવતી હશે ?

આ તો મનુષ્યપણું ખોઈ નાખે છે. આખા બ્રહ્માંડને ધ્રુજાવે એવા લોક, જુઓ ને, આ દશા તો જુઓ ! આ હીન દશા જુઓ ! તમે સમજ્યા મારી વાત ?

સ્ત્રીસંગ છૂટે તે થાય ભગવાન

એ સ્ત્રીઓનો સંગ જો પંદર દહાડા મનુષ્ય છોડે ને, મનુષ્ય પંદર દહાડા છેટો રહે, તો ભગવાન જેવો થઈ જાય.

પ્રશ્નકર્તા : પંદર દહાડા બૈરાંથી દૂર જતા રહીએ તો બૈરાંઓ પછી વહેમ ખાય અમારા ઉપર.

દાદાશ્રી : એ ગમે તે કહો, એ બધી વકીલાત કહેવાય. એ ગમે એટલી વકીલાત કરો તો ચાલે વકીલાતમાં, જીતો ખરા, પણ એક્ઝેક્ટ પુરાવા નથી એ.

અમે કહીએ છીએ, એકલા જુદા રૂમમાં સૂઈ જવાનું, એમાં શું સાયન્સ હશે ? સાયન્ટિફિક કારણ છે આની પાછળ. વરસ દહાડો છૂટા રહીને પછી તમે એક પથારીમાં સૂઈ જાવ ને, તો જે દહાડે તમે બહારથી આખો દહાડો બહુ જ તપીને આવ્યા હોય ને, તે પસીનો સોઢશે તમને. અને આ બઈનેય પસીનો સોઢશે, ગંધ ઉત્પન્ન થશે. જ્યારે પેલી ગંધ ના ખબર પડે. નાક, આ ઈન્દ્રિય ખોવઈ જાય. ડુંગળી રોજ ખાનારાને આખા ઘરમાં ડુંગળી છે તે ભરેલી હોય તોય એને ગંધ ના આવે. અને ડુંગળી ના ખાતો હોય, તેને અહીંથી બસો ફૂટ છે તે ડુંગળી હોય તો એને ગંધ આવે. એટલે આ સૂઈ જાય એટલે નાકની ઈન્દ્રિય બધી ખલાસ થઈ જાય. નહીં તો જોડે સૂવાતું હશે ? આ ડુંગળીની વાત સમજણ પડી તમને ?

પ્રશ્નકર્તા : પડી ગઈ, બરાબર.

દાદાશ્રી : આવું જ્ઞાનેય મારે આપવાનું ? તમારે બધાએ જાણવું જોઈએ આવું જ્ઞાન તો ! આ તો મારે કંઈ જણાવી આપવું પડે ?

પ્રશ્નકર્તા : જ્યાં સુધી તમે બોલો નહીં, ત્યાં સુધી એ આવરણ ખસે નહીં, ગમે એટલું જાણે તોય. તમારા વચનબળથી જ ખસે બધાને.

દાદાશ્રી : આ જગતમાં આત્મા સિવાય જે કંઈ પણ પ્રિય કરવા ગયો, એ વિષય થઈ પડે. એને પ્રિય ગણ્યું ત્યાંથી જ આવરણ ફરી વળે. એટલે એની અપ્રિયતા ક્યારેય ના દેખાય. એન્ડ (અંત) આવે તે બધા જ વિષય. જેનો એન્ડ (અંત) ના આવે તે આત્મા.

અબ્રહ્મચર્ય એ પાશવતા

આત્મામાં કેટલી શક્તિ હશે ? અનંત શક્તિઓ છે આત્મામાં, પણ બધી શક્તિઓ આવરેલી પડેલી છે. જ્યારે 'જ્ઞાની પુરુષ' પાસે જાવ ત્યારે એ આવરણ કાઢી આપે ને આપણી શક્તિઓ ખીલી ઊઠે. મહીં સુખેય પાર વગરનું પડ્યું છે. છતાં વિષયોમાં સુખ ખોળે છે. અરે, વિષયમાં સુખ હોતું હશે ? આ કૂતરાનેય ખાવા-પીવાનું આપ્યું હોય ને, તો તેય બહાર ના નીકળે. આ તો ભૂખને લીધે બિચારા બહાર ફર્યા કરે છે. આ મનુષ્યો આખો દહાડો ખાઈને ફર્યા કરે છે. એટલે મનુષ્યોને ભૂખનું દુઃખ મટ્યું છે, ત્યારે આ લોકોને વિષયોની ભૂખ લાગી છે. મનુષ્યમાંથી પશુ થવાનો હોય ત્યાં સુધી જ વિષય છે. પણ મનુષ્ય પરમાત્મા થવાનો હોય તો એને વિષય ના હોય. વિષય એ તો જાનવરોની કોડ લેંગ્વેજ (સાંકેતિક ભાષા) છે, પાશવતા છે, 'ફૂલ્લી' (પૂરેપૂરી) પાશવતા છે. એટલે એ તો હોવી જ ના જોઈએ.

પ્રશ્નકર્તા : વિષયદોષથી કર્મનું બંધન થાય છે, એ કેવા સ્વરૂપનું હોય છે ?

દાદાશ્રી : જાનવરના સ્વરૂપનું. વિષયપદ જ જાનવર પદ છે. પહેલા તો હિન્દુસ્તાનમાં નિર્વિષયી-વિષય હતો. એટલે કે એક પુત્રદાન પૂરતો જ વિષય હતો.

એટલે આ મોહ છે, બેભાનપણું છે. આ તો અમે વાત કરીએ, બાકી આવી વાત કોઈ કરે નહીં ને ! આવું કહે ત્યારે તો વૈરાગ આવે લોકોને !

પ્રશ્નકર્તા : વૈરાગ ટકે એવો કોઈ નિયમ છે ?

દાદાશ્રી : વૈરાગ ટકે તો તો કામ જ કાઢી નાખે. વૈરાગ વિચાર વગર ટકે નહીં. સતત વિચારશીલ હોય તેને જ વૈરાગ ટકે. 'હું ભોગવું છું' કહે. અલ્યા, આમાં શું ભોગવવાનું છે ? જાનવરોનેય શરમ આવે આમાં તો ! ભોગવવાથી જ આ બધું ભૂલી જાય છે પછી. કર્તા-ભોક્તા થયો કે બધો ઉપદેશ ભૂલી જાય. કર્તા-ભોક્તા ના થયો તો બધો ઉપદેશ એને ખ્યાલમાં રહ્યા કરે. તો જ વૈરાગ રહે ને ! નહીં તો વૈરાગ રહે જ નહીં ને !

આખી દુનિયા બ્રહ્મચર્યને 'એક્સેપ્ટ' (સ્વીકાર) કરે છે. પછી જેનાથી બ્રહ્મચર્ય નથી પાળી શકાતું એ જુદી વાત છે. અબ્રહ્મચર્ય એ મનુષ્યમાં રહેલી પાશવતા છે. હરેક જગ્યાએ અબ્રહ્મચર્યને પાશવતા ગણી છે. તેથી તો અબ્રહ્મચર્યની દિવસે ના પાડી છે. કારણ કે એ પાશવી ઉપચાર છે. માટે રાત્રે અંધારું થાય ત્યારે કોઈ દેખે નહીં, જાણે નહીં, આપણી આંખ પણ દેખે નહીં, એ રીતે કરવામાં આવે છે. મનુષ્યોને તો આ બધું શોભે ? તેથી જ તો આપણા લોકોએ ગોઠવેલું કે રાત્રે અંધારામાં જ વિષય સેવવાનું રાખવું. સૂર્યનારાયણની હાજરીમાં જો વિષય સેવન કરશો તો હાર્ટફેલના ભણકારા વાગશે, હાઈ બ્લડપ્રેશર થાય કે લો બ્લડપ્રેશર થાય અને હાર્ટફેલ થઈ જશે. એટલે વિષય એ અંધારામાં સેવન કરવાની વસ્તુ છે. લખ્યું છે ને, કે 'છૂપા રાખવા પડે છે જે કામ...' એટલે આ વિષય કેવી વસ્તુ છે, કે છૂપું રાખવું પડે. કોઈને કહેવાય પણ નહીં. છતાંય શાસ્ત્રકારોએ એલાઉ કર્યું છે કે બધાની રૂબરૂ પૈણો છો, માટે હક્કદાર છો.

છે ડિસ્ચાર્જ, છતાં માગે જાગૃતિ

આપણું આ 'અક્રમ વિજ્ઞાન' શું કહે છે ? ચાર્જને 'ચાર્જ' કહે છે ને ડિસ્ચાર્જને 'ડિસ્ચાર્જ' કહે છે. ડિસ્ચાર્જ એટલે આપણે કશો ત્યાગ કરવાનો કહ્યો નથી. આ જ્ઞાન આપ્યું એટલે તમારે જે ત્યાગ કરવાના હતા, તે અહંકાર અને મમતા એ બેઉનો ત્યાગ થઈ ગયો અને ગ્રહણ કરવાનું પોતાનું સ્વરૂપ 'શુદ્ધાત્મા', તે ગ્રહણ થઈ ગયું. એટલે ત્યાગ કરવાની વસ્તુ ત્યાગ થઈ ગઈ અને ગ્રહણ કરવાની વસ્તુ

ગ્રહણ થઈ ગઈ. એટલે ગ્રહણ-ત્યાગની કડાકૂટો રહી નહીં, કે મારે આ ગ્રહણ કરવું છે કે આ ત્યાગ કરવું છે એવું. બીજું, એકલો હવે નિકાલ રહ્યો. કારણ કે અમે અમારા જ્ઞાનથી શોધખોળ કરેલી કે આ બધું ડિસ્ચાર્જ છે. હવે છે ડિસ્ચાર્જ છતાંય અત્યારના માણસોને જરા અમારે ચેતવવા પડે છે, સ્ત્રી-પુરુષના વિષય સંબંધમાં ચેતવવા પડે છે.

એક મહાત્મા છે તે પછી એવું માની બેઠા કે આ બધું ડિસ્ચાર્જ જ છે. ત્યારે મેં એમને સમજણ પાડી કે ડિસ્ચાર્જનો અર્થ શો ? તમને તાવ ચઢ્યો હોય પછી બેનને (તમારા પત્નીને) પૂછીએ કે તમને તાવ ચઢ્યો છે ? બન્નેને તાવ ચઢે તો દવા પી લેવી. એકને તાવ ચઢ્યો હોય પણ પેલીને તાવ ના ચઢે ત્યાં સુધી આપણે દવા પીવી નહીં અને બન્નેને તાવ ચઢે ત્યારે પીવી. આ તો રોજ પીવે છે. મીઠી છે ને, ફર્સ્ટકલાસ બેઉ... એટલે હું આવું કહું છું એમને. નહીં તો શરીર કેવા દેખાય આમ ! હવે એ અજ્ઞાનતામાં પહેલા દુઃખ હતું, બળતરા જ હતી આખો દહાડો. એટલે તું આખો દહાડો છે તે આ ધંધો લઈ બેઠેલો પણ હવે નથી બળતરા. હવે સહેજ પાંસરો મર ને ! બળતરા હોય ત્યાં સુધી હું વઢું નહીં કોઈને. હું જાણું કે બળતો માણસ શું ના કરે ? અને અખંડ આનંદવાળા બનાવી આપ્યા છે મેં તમને, હવે આ શું કરવા પી-પી કરો છે ? વગર તાવમાં મૂઆ દવા પીઓ છો ! કોઈ વગર તાવે દવા પીએ ખરો ? જરૂરિયાત જ નહીં શરીરને. એમ ને એમ આનંદમાં છે ! સમજવા જેવી વાત છે.

અને એ જે છે એ શરીરને નુકસાનકારક વસ્તુ છે. આ જે તમે ખાઓ છો, પીઓ છો એનું એક્સ્ટ્રેક્ટ થતું થતું જે વીર્ય, એ આખો સાર છે. એટલે તેય ઈકોનોમીકલી સ્ટેજ હોવા જોઈએ. ગમે તેમ લાફું વાપરવાનું નથી. હેં ! એટલે આપણે તો ચંદુભાઈને કહેવાનું કે 'ભઈ, આમ ના ચાલે. લાફા ના થવાય.' આપણે તો વિષયી છીએ જ નહીં. આપણને લાગતું-વળગતું નથી પણ આપણે ચંદુભાઈને કહેવું જોઈએ. નહીં તો પાછા ચંદુભાઈ માંદા પડે તો આપણે ઉપાધિ ખરી ને ? એટલે ચેતતા રહીએ તો એમાં શું ખોટું ? નહીં તો એ નિવીર્ય થાય ને શરીર તો આ કહેશે, 'એ... ગયું, એ ગયું, આ ગયું.' મેર ચક્કર ! ત્યારે પહેલા દાદાનું કહ્યું માન્યું નહીં ને હવે ગયું, ગયું કર્યા કરે છે ! પાંત્રીસ વર્ષે તો એક ભઈને પક્ષાઘાત થઈ ગયો. એ બહુ આસક્તિવાળા હતા. આમ ધર્મ સારો પાળે બધો. પછી મેં એમને કહ્યું, 'આ તમે આસક્તિ મોળી ન્હોતી કરતા પણ હવે તો મોળી કરવી પડશે ને ?' ત્યારે કહે, 'મોળી શું, આખી જ ગઈ ને ! હવે ક્યાં આસક્તિ રહી ?' ત્યારે મેં કહ્યું, 'પહેલેથી સમજ્યા હોત તો આ ભાંજગડ ના હોત ને ! આમ જેલમાં પૂરાવ છો ત્યારે સીધા પાંસરા થાવ છો, ત્યારે મુક્ત રહેવામાં શું વાંધો છે ?' પણ મુક્તિમાં ના રહે, નહીં ? જેલમાં જઈશું, ત્યારે રહીશું પાંસરા !

એટલે પછી આ અક્રમ માર્ગ નીકળ્યો કે ભઈ, ના, એવું નથી. બન્નેને તાવ ચઢ્યો હોય તો પીજો દવા. તાવ સાથે આખી રાત હૂડ... હૂડ... બેસી રહેવું, એના કરતા પીજો ને ! એવું અક્રમ વિજ્ઞાન નીકળ્યું !

ચાર્જ-ડિસ્ચાર્જની ભેદરેખા

સમજદારને વિષય શોભે નહીં. એક બાજુ લાખ રૂપિયા મળતા હોય ને સામે વિષયનો પ્રસંગ હોય તો લાખ જતા કરે, પણ વિષય ન સેવે. વિષય જ સંસારનું મૂળ કારણ છે, જગતનું કૉઝિઝ જ એ છે ને ! આપણે તો આ વિષયની છૂટ એટલા માટે આપેલી, કે નહીં તો આ માર્ગને કોઈ પામત જ નહીં. એટલે આપણે આ અક્રમ વિજ્ઞાન ડિસ્ચાર્જ અને ચાર્જ રૂપે સમજાવ્યું છે. આ વિષય એ ડિસ્ચાર્જ છે, એવું સમજવાની શક્તિ નહીં ને બધાની ! આમનું ગજું શું ? નહીં તો

અમારો જે શબ્દ છે ને 'ડિસ્ચાર્જ', તે વિષય એ ડિસ્ચાર્જ સ્વરૂપ જ છે. પણ આ વાત સમજવાનું એટલું ગજું જ નહીં ને ! કારણ કે રાત-દહાડો વિષયની જ બળતરાવાળા ! નહીં તો આ ચાર્જ અને ડિસ્ચાર્જ અમે જે મૂકેલું છે તે એક્ઝેક્ટલી એમ જ છે. આ તો બહુ ઊંચો માર્ગ બતાવ્યો છે, નહીં તો આમાંથી કોઈ ધર્મ જ ના પામત ને ! આ બૈરી-છોકરાંવાળા શી રીતે ધર્મ પામત ?

પ્રશ્નકર્તા : ઘણા એમ સમજે છે કે 'અક્રમ'માં બ્રહ્મચર્યનું કંઈ મહત્ત્વ જ નથી. એ તો ડિસ્ચાર્જ જ છે ને !

દાદાશ્રી : અક્રમનો એવો અર્થ થતો જ નથી. એવો અર્થ કરે તે 'અક્રમ માર્ગ' સમજ્યો જ નથી. જો સમજ્યો હોય તો મારે તેને વિષય સંબંધી ફરી કહેવાનું હોય નહીં. અક્રમ માર્ગ એટલે શું કે ડિસ્ચાર્જને ડિસ્ચાર્જ ગણવામાં આવે છે. પણ આ લોકોને ડિસ્ચાર્જ જ નથી. આ તો હજી લાલચો હોય છે મહીં ! આ તો બધા રાજીખુશીથી કરે છે. ડિસ્ચાર્જને કોઈ સમજ્યું છે ? નહીં તો અમે જે માર્ગ મૂકેલો છે, તેમાં બ્રહ્મચર્ય સંબંધી ફરી કશું કહેવાનું જ ના હોય. આ તો પોતાની ભાષામાં બંધબેસતા અર્થ કરે પછી !

જમેલા માણસને આપણે ફરી જમવા બેસાડીએ તો તે બહુ શરમાય, પણ પછી જમે ખરો. પણ તે શું કરે ? સાચું જમે એ ? એવું વિષયમાં હોવું જોઈએ. વિષય-વિકાર તો દેખ્યો જ ના ગમે, વિચારતા જ અરેરાટી થઈ જાય. ઊલટી થાય વિચારતા જ ! એવું હોવું જોઈએ.

'ડિસ્ચાર્જ' કયા ભાગને કહેવાય, તે લોક સમજતું નથી. અને 'ડિસ્ચાર્જ'નો અર્થ પોતાની ભાષામાં કરે છે.

પ્રશ્નકર્તા : 'ડિસ્ચાર્જ' કયા ભાગને કહેવાય ?

દાદાશ્રી : આપણે ગાડીમાંથી કેટલી વખત પડી જઈએ ? ગાડીમાંથી તું પડી જાય તો એ 'ડિસ્ચાર્જ' કહેવાય. ત્યાં તું ગુનેગાર નથી, પણ કોઈ જાણી-જોઈને પડે ખરો ? ત્યાં એની જરાય ઈચ્છા હોય ? તમને આ વાતની સમજ પડી ? વાત સમજી જવા જેવી છે ને ?

પ્રશ્નકર્તા : બરાબર સજ્જડ સમજાઈ ગઈ.

દાદાશ્રી : કાનબુટ્ટી પકડીને કહો છો કે ? નહીં તો 'ડિસ્ચાર્જ'ની વાતમાં તો અંદર પોલું હાંકે. આ એકલી વિષયની જ બાબતમાં પોલું હાંકવા જેવું નથી.

પ્રશ્નકર્તા : પોલું કેવી રીતે હાંકે ?

દાદાશ્રી : જેમ ગાડીમાંથી પડી જાય, એને આપણે 'ડિસ્ચાર્જ' કહીએ છીએ, એવો પોતાને ઘેર પણ નિયમ તો હોવો જોઈએ ને ? આ તો એવું છે ને, કે પોતાના હક્કની સ્ત્રી જોડેનો વિષય, એ અજુગતું નથી. છતાંય પણ જોડે જોડે એટલું સમજવું પડે કે એમાં ઘણા બધા 'જર્મ્સ' (જંતુઓ-જીવો) મરી જાય છે. એટલે અકારણ તો આવું ના જ હોવું જોઈએ ને ! કારણ હોય તો વાત જુદી છે. વીર્યમાં 'જર્મ્સ' જ હોય છે અને તે માનવબીજના હોય છે. એટલે બને ત્યાં સુધી આમાં સાચવવું. આ અમે તમને ટૂંકામાં કહીએ, બાકી આનો પાર આવે નહીં ને !

સમભાવે નિકાલ થતા પત્ની સાથે મોક્ષ

પ્રશ્નકર્તા : શુદ્ધાત્મા સ્વરૂપ થયા પછી સંસારમાં પત્ની જોડેનો સંસાર વ્યવહાર કરવો કે નહીં ? અને તે કેવા ભાવે ? અહીં સમભાવે નિકાલ કેવી રીતે કરવો ?

દાદાશ્રી : આ વ્યવહાર તો, તમારે પત્ની હોય તો પત્ની જોડે, સમાધાનપૂર્વક વ્યવહાર રાખજો. તમારું સમાધાન ને એમનું સમાધાન થતું હોય એવો વ્યવહાર રાખજો. એમને અસમાધાન થતું હોય ને

તમારું સમાધાન થતું હોય એ વ્યવહાર બંધ કરજો. અને આપણાથી (આપણી) સ્ત્રીને કંઈ દુઃખ ન થવું જોઈએ. તમને કેમ લાગે છે ? કેવો વ્યવહાર કરવાનો ? એને દુઃખ ન થાય તેવો. બની શકે કે ના બની શકે ? હા, સ્ત્રી પૈણેલા છે તે સંસાર વ્યવહાર માટે છે, નહીં કે બાવા થવા માટે. અને સ્ત્રી પાછી મને ગાળો ન દે, કે 'આ દાદાએ મારો સંસાર બગાડ્યો !' હું એવું નથી કહેવા માગતો. હું તમને કહું છું કે આ જે 'દવા' (વિષયસંબંધ) છે એ ગળપણવાળી દવા છે. માટે દવા હંમેશાં જેમ પ્રમાણથી લઈએ છીએ, એવી રીતે પ્રમાણથી લેજો.

ગળી લાગે એટલે પી પી કરવી એવું કંઈ કરાય ? જરા તો વિચાર કરો. શું નુકસાન થાય છે ? ત્યારે કહે છે કે જે ખોરાક બધો ખાય છે એનું બ્લડ (લોહી) થાય છે, બીજું બધું થતા થતા છેવટે એનું રજ અને વીર્યરૂપે થઈ ખલાસ થઈ જાય છે. લગ્નજીવન દીપે ક્યારે, કે તાવ બન્નેને ચઢે અને એ દવા પીવે ત્યારે. તાવ વગર દવા પીવે કે નહીં ? એકને તાવ વગર દવા પીવે, એ લગ્નજીવન દીપે નહીં. બન્નેને તાવ ચઢે ત્યારે જ દવા પીવે. ધીસ ઈઝ ધ ઓન્લી મેડિસિન (ફક્ત આ જ દવા છે.). મેડિસિન ગળી હોય તેથી કંઈ રોજ પીવા જેવી ના હોય. લગ્નજીવન દીપાવવું હોય, તો સંયમીની જરૂર છે. આ બધા જાનવરો અસંયમી કહેવાય. આપણું તો સંયમી જીવન જોઈએ ! આ બધા જે આગળ રામ-સીતા ને એ બધા થઈ ગયા, તે બધા સંયમવાળા ! સ્ત્રી સાથે સંયમી ! ત્યારે આ અસંયમ એ કંઈ દૈવી ગુણ છે ? ના. એ પાશવી ગુણ છે. મનુષ્યમાં આવા ગુણ ના હોય. મનુષ્ય અસંયમી ના હોવો જોઈએ. જગતને સમજ જ નથી કે વિષય શું છે ! એક વિષયમાં કરોડો જીવ મરી જાય છે વન ટાઈમમાં તો, સમજણ નહીં હોવાથી અહીંયા મજા માણે છે. સમજતા નથી ને ! ન છૂટકે જીવ મરે એવું હોવું જોઈએ. પણ સમજણ ના હોય ત્યારે શું થાય ?

એટલે અમે કહ્યું કે સ્ત્રીનો વાંધો નથી, પણ એવી શરતે બેઉ સંપ અને સમજપૂર્વક કરો. ડૉક્ટરે કહી હોય એટલા વખત દવા પીવાની. એ તો રોજ બે-બે-ત્રણ વખત દવા પીએ, એના જેવું આ લોકોએ કરી નાખ્યું છે ને ! અને ખરેખર એ દવા એ ગળી નથી.

પ્રશ્નકર્તા : આ પણ આટલી જ દવા પીવી, એ કંઈ આપણા કાબૂમાં છે ? એ ડોઝ કાબૂમાં રહેતો ના હોય તો શું કરવું ?

દાદાશ્રી : ના કાબૂમાં હોય એવી વસ્તુ જ નથી હોતી આ દુનિયામાં.

એવું છે, આ સંસારીઓને જ્ઞાન આપ્યું છે. કંઈ બાવા થવાનું મેં નથી કહ્યું, પણ જે 'ફાઈલો' હોય એનો 'સમભાવે નિકાલ' કરો, કહ્યું છે ! અને પ્રતિક્રમણ કરો. આ બે ઉપાય બતાવ્યા છે. આ બે કરશો તો તમારી દશાને કોઈ ગૂંચવનાર છે નહીં. ઉપાય ના બતાવ્યા હોય તો કિનારા પર ઊભું રહેવાય જ નહીં ને ! કિનારા પર જોખમ છે.

તાવ ચઢે તો દવા પીજે

તમને 'તાવ ચઢે તો દવા પીજે' એ મારી વાત ગમી કે ના ગમી ?

પ્રશ્નકર્તા : ગમી ને !

દાદાશ્રી : એવું ! ગમ્યું હોય તો આજથી શરૂ કરી દેવું. ના ગમતું હોય તો થોડા દહાડા પછી. આપણે ઉતાવળ શી છે ? પચ્ચીસ વર્ષ પછી ! આની કંઈ ઓછી જબરજસ્તી છે ? બાકી મોટામાં મોટી જોખમદારી તો આ વિષયની જોખમદારી છે ! છતાં અમે કહ્યું કે તાવ ચઢે તો જ દવા પીજે, તો અમારી જોખમદારી ને તમને મોક્ષમાર્ગમાં વાંધો નહીં આવે. આ આટલી બધી જોખમદારી લેવા છતાં તમે કહો છો કે અમને બરોબર પૂરી છૂટ નથી આપતા, તો તે તમારી

ભૂલ જ છે ને ! તમને કેવું લાગે છે ? આપણું આ 'અક્રમ વિજ્ઞાન' છે ! સ્ત્રી સાથે રહેજો. આજે બધા શાસ્ત્રોએ સ્ત્રી સાથે રહેવાની જ ના પાડી છે, ત્યારે અમે રહેવાનું કહીએ છીએ. પણ જોડે આ થર્મોમિટર આપીએ છીએ એટલે સ્ત્રીને દુઃખ ના થાય એવી રીતે વિષયનો વ્યવહાર રાખવો.

પ્રશ્નકર્તા : એ તાવ ચઢતો બંધ થાય કે નહીં ?

દાદાશ્રી : ના, એ તો ફરી પાછો ચઢે.

પ્રશ્નકર્તા : તો એને બંધ કેવી રીતે કરવો ?

દાદાશ્રી : એ બંધ ના કરશો. બન્નેને તાવ આવે ને દવા પીઓ તો જોખમદારી તમારી નહીં, પછી મારી જોખમદારી. જો શોખની ખાતર દવા પીતા હો તો તમારી જોખમદારી. હું જાણું છું કે તમે બધા પૈણેલા છો, એટલે બધાને કંઈ એમ ને એમ જ્ઞાન નથી આપ્યું ! પણ જોડે જોડે અક્રમની આ જવાબદારી લીધી છે કે આટલે સુધી કાયદામાં હો તો જોખમદાર હું છું.

પ્રશ્નકર્તા : વાઈફની ઈચ્છા ના હોય અને હસબંડના ફોર્સથી પીવી પડે દવા, તો શું કરવું ?

દાદાશ્રી : પણ એ તો શું કરે ? કોણે કહ્યું'તું, પૈણ ?

પ્રશ્નકર્તા : ભોગવે તેની ભૂલ. પણ દાદા કંઈક એવું બતાવો ને, એવી કંઈક દવા બતાવો કે જેથી કરીને સામા માણસનું પ્રતિક્રમણ કરીએ, કશું કરીએ તો ઓછું થઈ જાય.

દાદાશ્રી : એ તો આ સમજવાથી, વાત સમજણ પાડવાથી કે દાદાએ કહ્યું છે, કે આ તો પી પી કરવા જેવી ચીજ નથી. જરા પાંસરા ચાલો ને ! એટલે છ-આઠ દહાડા મહિનામાં દવા પીવી જોઈએ. આપણું શરીર સારું રહે, મગજ સારું રહે તો ફાઈલનો નિકાલ થાય. નહીં તો ડિફોર્મ થઈ જાય.

પ્રશ્નકર્તા : તાવ ચઢે જ નહીં એવું કંઈક કરી આપો !

દાદાશ્રી : એવું જ કરી આપ્યું છે. પણ તમને હજુ....

પ્રશ્નકર્તા : નિશ્ચય કાચો છે ?

દાદાશ્રી : નિશ્ચય કાચો છે. આ તો ઈફેક્ટ છે, આ ડિસ્ચાર્જ છે, એમ કરીને નિશ્ચય કાચો થઈ જાય છે.

પ્રશ્નકર્તા : સમજમાં આવે એટલે વર્તનમાં આવે જ ને ?

દાદાશ્રી : સમજમાં તો આવ્યું નથી. આ બુદ્ધિપૂર્વકનું સુખ નથી, એવું સમજમાં જ નથી આવ્યું. મેં જલેબી ખાવાની છૂટ આપી, દૂધપાક ખાવાની છૂટ આપી. આ દારૂમાં સુખ આવે છે, એ બુદ્ધિપૂર્વકનું સુખ ના કહેવાય. સિગારેટમાં સુખ આવે છે, એ બુદ્ધિપૂર્વકનું સુખ ના કહેવાય. આમ દેખાદેખીથી જ છે.

એક ફેરો જાણી લેવાની જ જરૂર છે કે તાવ આવે તો જ દવા પીવાય. પછી એ બાજુનું નક્કી થઈ ગયું, તો મન પછી એવું નક્કી રાખે છે. કારણ કે એને આત્મસુખ તો મળ્યું ને ! જેને કોઈ પ્રકારનું સુખ જ ના હોય, તેને તો પછી એ વિષય સુખ છે જ. એને તો આપણે વાળીએ જ નહીં અને એને તો વાળી શકીએ પણ નહીં. જ્યારે આ તો આત્મા તરફનું સુખ મળ્યું છે, તેથી પોતાના આ સુખમાં વળી જાય છે. અને પાછું મન જ્યારે ક્યાંય સહેજ ટકરાય તો તે વખતે પાછું બહાર પેલી વિષય બાજુ નહીં વળતા આત્મા બાજુ મહીં વળી જાય છે. પણ જેને આ જ્ઞાન ના મળ્યું હોય, તેને શું થાય ? આ મોક્ષનો માર્ગ છે. એટલે અહીં આટલું જ સમજજો જરા. તમને આ વાત ગમી કે ? આ 'અક્રમ જ્ઞાન' સાચું છે ને ?

પ્રશ્નકર્તા : હા, સાચું છે.

દાદાશ્રી : વિષયની હાજરીમાંય મોક્ષ થાય એવું આ 'જ્ઞાન' છે ને ? આ અમારી શોધખોળ છે, બહુ ઊંચી જાતની શોધખોળ છે ! તમને લાડવા-જલેબી બધું જ ખાવાની છૂટ આપી છે. કૃપાળુદેવે તો શું કહેલું, કે 'ભાવતી થાળી આવે તો બીજાને આપી દેજો.' તે કોઈએ બીજાને આપી દીધી ? એકેય એવો પાક્યો કે જેણે ભાવતી થાળી બીજાને આપી દીધી ? આ કોઈ આપી દે એવા છે ? એ તો એક 'જ્ઞાની પુરુષ' એકલા જ એવું કરે. જ્યારે મેં તો તમને કહ્યું, કે 'ભાવતી થાળી ખાજો નિરાંતે ! કેરીઓ ખાજો, રસ ખાજો.' કોઈએ આવી છૂટ આપી નથી. અત્યાર સુધી કોઈ શાસ્ત્ર એવું નથી કહેતું કે સંસારીવેશે આમ થાય. આ તો બધા શાસ્ત્રોએ 'સ્ત્રીથી છેટા ભાગો,' એવું કહેલું છે. પણ અમે આ નવી શોધખોળ કરી છે ! મારી આ નવી વૈજ્ઞાનિક શોધખોળ છે. ચોવીસ તીર્થંકરોનું ભેગું વિજ્ઞાન છે આ !

અહીં આપણે પોતાની સ્ત્રી કે પોતાના પુરુષ પૂરતી જ વિષયની છૂટ આપીએ છીએ. એમાં એવી જવાબદારી રહેતી નથી, એથી અમે છૂટ આપી છે. બાકી શાસ્ત્રકારોએ તો આ હપુચું ઉડાડી જ મેલ્યું કે 'એય સ્ત્રીને છોડી દો' એમ કહી દીધું. પણ આ તો આપણું વિજ્ઞાન છે, એટલે એક બાજુ શાંતિ રહે એવું છે અને એટલે આજ્ઞામાં રહેવા તૈયાર થાય છે. બાકી છૂટ આપી છે, એનો જો ઊંધો અર્થ કરે તો તો આમાં માર ખાઈ જાય ને !

રોંગ બિલીફ તોડવી એ પુરુષાર્થ

પ્રશ્નકર્તા : વિષયસુખથી દૂર રહેવા માટે જે પ્રયત્ન કરવામાં આવે છે, તેને પુરુષાર્થ કહેવાય ?

દાદાશ્રી : હા. પણ એ સુખ જ નથી, એ ખાલી માન્યતા જ છે, 'રોંગ બિલીફ' જ છે. વ્યવહારમાં લોકોને આ વાત કહેવાય નહીં. જગત વ્યવહાર માટે આ કામનું જ નથી. આ વાત જગત વ્યવહારના લોકોને કરીએ તો તેમને દુઃખ થાય. કારણ કે આ સુખ એકલું જ અવલંબન છે. તેય બિચારાનું આપણે લઈ લીધું ! આ તો જેને જ્ઞાન હોય તેને વાત કરાય, નહીં તો વાત જ ના કરાય.

જ્ઞાન એવી વસ્તુ છે કે જેને જાણી રાખવાની જરૂર છે. જ્ઞાનને જાણી રાખવાનું. જ્ઞાન જાણવાનું છે ને એ જાણેલું જ્યારે દર્શનમાં આવે છે, 'બિલીફ'માં આવે છે, ત્યારે વિષય બધા ઊડી જાય.

આ તો આપણે વિષયસંબંધી બહુ ઊંડી ચર્ચા નથી કરતા, એનું શું કારણ કે આ લોકો બહારની દૃષ્ટિ છોડે, તોય બહુ ઊંચી વસ્તુ છે. બહારની દૃષ્ટિ એટલે, બહાર જે 'દેખત ભૂલી' થાય છે તે ના થાય, તોય બહુ થઈ ગયું. એટલે આપણે કહ્યું કે બહાર દૃષ્ટિ બગડી કે તરત જ પ્રતિક્રમણ કરજો. એને પોતાના હક્કનો વિષય છોડવાનું નથી કહેતા. કારણ કે એને હક્કનો વિષય છોડવાનું કહીએ, તો એનું બહાર પાછું બગડી જાય.

અક્રમ વિજ્ઞાને આપી છૂટ

પ્રશ્નકર્તા : પણ જે લોકો વિષયસુખ ભોગવે છે, એમને એટલી ખોટ તો જવાની ને ?

દાદાશ્રી : જેટલું જેટલું 'ચાર્જ' થયેલું છે, એનો તો આપણે વાંધો ના રાખીએ.

પ્રશ્નકર્તા : પણ એ 'ચાર્જ' થયેલું છે એમ કહેવાય જ કેવી રીતે ? એ તો ઘરમાં સ્ત્રી સાથે રહેતા હોઈએ એટલે આ વિષય તો સહજ થઈ ગયેલો હોય છે ને ઘણી વખત થાય છે, તો એ 'ચાર્જ' થયેલું જ કહેવાય ?

દાદાશ્રી : 'ચાર્જ' થયેલાની બહાર નથી થવાનું. જે 'ચાર્જ' થયેલું છે, તેની બહાર થાય એવું નથી. તેથી તો અમે આમ વિષયો માટે છૂટ મૂકીએ ને ! નહીં તો છૂટ મૂકીએ કે ? એ તો જવાબદારી છે અને કોઈએ આવી છૂટ આપી પણ નથી ને !

પ્રશ્નકર્તા : કોઈએ છૂટ નથી આપી. આમાં તો બહુ 'સ્ટ્રિક્ટ' (કડક) છે.

દાદાશ્રી : એ 'સ્ટ્રિક્ટ' છે એટલે લોકો પામતા નથી. સત્ય હકીકત નહીં જાણવાથી આમાં 'સ્ટ્રિક્ટ' થાય છે. તેથી લોક પામતા નથી. સંસારીઓ તો એમ જ કહે છે, કે 'ભઈ, આપણે તો સંસારી, આપણું તો કલ્યાણ થાય જ નહીં ને !' એવું આ લોક પોતાની જાત માટે માની બેઠા છે. એટલે એ 'સ્ટ્રિક્ટપણું' ખોટું છે. 'અમે' જ્ઞાનથી જુદી જાતનું જોઈએ છીએ.

પ્રશ્નકર્તા : જેટલો વખત 'ડિસ્ચાર્જ' થાય, તે એટલું આવરણ વધે નહીં ?

દાદાશ્રી : આપણા 'જ્ઞાન'વાળાને આવરણ ના વધે, અમારી આજ્ઞા હોય ને ! અમે હક્કના વિષયની ના કહી જ નથી ને ! ના કહ્યું હોય તો આ બધાને ઘેર શું થાય ?

પ્રશ્નકર્તા : તમે જો એની ના કહી હોય તો બહુ મોટું તોફાન થઈ જાય !

દાદાશ્રી : પણ અમે એવું કહીએ જ નહીં. કોઈનેય દુઃખ થાય એવું વર્ણન જ ના કરીએ ને !

પ્રશ્નકર્તા : અત્યાર સુધી હું આ દ્વંદ્વમાં જ હતો. મને એમ લાગતું હતું કે વિષયથી આવરણ આવે.

દાદાશ્રી : પણ જગતે જોયું હશે, તેના કરતા મેં નવી જ જાતનું જોયેલું છે અને તો જ હું આ આજ્ઞા આપું, નહીં તો આપું જ નહીં ને ! આ તો જોખમદારી કહેવાય ! મેં એવું વિજ્ઞાન જોયું છે. ત્યારે મેં તમને છૂટ આપી છે, નહીં તો છૂટ ના અપાય. મેં તમને છૂટ કેવી રીતે આપી છે ? અમે હક્કના વિષયની છૂટ આપી છે, જેથી બહાર દૃષ્ટિ પછી બગડે નહીં ને બગડી હોય તે સુધારી લેજો. પણ હક્કની જગ્યાનું એક જ સ્થાન નક્કી થઈ ગયું એટલે પછી તમને 'એલાઉ' (માન્ય) કરીએ. પણ આ તો ફક્ત આત્મસુખ છે કે બીજું કયું સુખ છે ? તે જાણવા માટે તમને કહીએ છીએ કે છ મહિના માટે વિષય છોડીને તો જુઓ ! ફક્ત તપાસ કરવા માટે જ, આ સુખ આત્મામાંથી આવ્યું કે વિષયમાંથી આવ્યું ?

પ્રશ્નકર્તા : એ તો ખબર પડે છે કે વિષયથી સાચા સુખની ખબર નથી પડતી, છતાં એ થઈ જાય છે.

દાદાશ્રી : થાય તેનો વાંધો નથી. આ 'અક્રમ વિજ્ઞાન' છે, બહુ જુદી જાતનું વિજ્ઞાન છે ! નહીં તો એક જ 'ડિસ્ચાર્જ' ત્યાં ક્રમિકમાં ચાલવા ના દે. અમે તો આખી જિંદગીના 'ડિસ્ચાર્જ' ચલાવી લીધા છે. આ તો 'અક્રમ વિજ્ઞાન' છે ! વિજ્ઞાન એટલે શું, કે એને કોઈ ના પહોંચી વળે !

જ્ઞાન-દર્શનથી તૂટે વિષયમાં સુખની બિલીફ

મેં આત્મા તો તમને આપેલો છે, પણ કઈ વસ્તુ તમને એની અસર થવા દેતી નથી ? વિષય ! આ વિષય કંઈ રોજ રોજ હોતા નથી, કો'ક દહાડો હોય. પણ તેની પછી અસર બહુ હેરાન કરે છે. અને વિષયનો અભિપ્રાય બહુ માર ખવડાવે છે. બ્રહ્મચર્યનો ભંગ થયો માટે જંતુની અસર થઈ ને ! એવો ભંગ હોય જ નહીં તો તો કેવું સરસ રહે ! આ જંતુની સૂક્ષ્મ અસરો એટલી બધી ખરાબ પડે છે કે ઘડીવાર જંપવા જ ના દે.

પ્રશ્નકર્તા : શુદ્ધાત્મા પદમાં રહેવા માટે મુખ્ય વસ્તુ કઈ જોઈએ ?

દાદાશ્રી : આ વિષયમાંથી છૂટ્યો એટલે પછી શુદ્ધાત્મામાં રહેવાય. બૈરી પૈણેલો હોય તેનો અમને વાંધો નથી, પણ હરૈયાનો વાંધો છે. પૈણેલી જોડે પાંચમાંથી એક મહાવ્રતનો, બ્રહ્મચર્યનો ભંગ થાય છે અને કળિયુગમાં તો એવા જંતુઓ એકબીજામાં હોય છે કે તમને પછી જંપવા જ નથી દેતા. કારણ કે આ બહાર રખડનારાઓને જર્મ્સ બહુ જ નુકસાન

કરે છે. તેની પોતાને ખબર ના પડે. તેથી હું કહું છું ને કે એકને પૈણ. કારણ કે આ તને નેસેસરી (જરૂરી) વસ્તુ છે. પોતે પૂર્વજન્મમાં બ્રહ્મચર્યના ભાવ ના કરેલા હોય તેથી પૈણવું પડે છે.

જેણે લગ્ન કરેલું છે, તેને તો એક જ કાયદો અમે કરી આપેલો કે તારે બીજી કોઈ સ્ત્રી તરફ દૃષ્ટિ બગાડવાની નહીં. વખતે દૃષ્ટિ એવી થઈ જાય તો પ્રતિક્રમણ વિધિ કરવાની અને નક્કી કરવાનું કે આવું હવે ફરી નહીં કરું. પોતાની સ્ત્રી સિવાય બીજી સ્ત્રીને જોતો નથી, બીજી સ્ત્રી પર જેની દૃષ્ટિ રહેતી નથી; દૃષ્ટિ જાય છતાં એના મનમાં વિકારી ભાવ થતો નથી; વિકારી ભાવ થાય તો પોતે ખૂબ પસ્તાવો કરે છે, એને આ કાળમાં એક સ્ત્રી છે છતાંય બ્રહ્મચર્ય કહેવાય.

પોતાની સ્ત્રી જોડેના વિષયમાં પાછો નિયમ હોવો જોઈએ. કૃપાળુદેવે કહ્યું છે કે મહિનામાં બે દિવસ, પાંચ દિવસ કે સાત દિવસનું તું જ્ઞાની પુરુષ પાસે નક્કી કરજે, તો પછી એ જ્ઞાની પુરુષ આ જવાબદારી પોતાની માથે લઈ લે. ને પછી અમે વિધિ કરી આપીએ. અમારી આજ્ઞા થઈ તો વાંધો નહીં. અમારી પાસે આજ્ઞાપૂર્વકનું હોય, તેને કોઈ બાધા ના આવે.

પ્રશ્નકર્તા : આ જ્ઞાન વગર એ લક્ષ બેસવું બહુ મુશ્કેલ પડે છે !

દાદાશ્રી : આ જ્ઞાન વગર ફીટ જ ના થાય ને !

મહાવીર ભગવાન ત્રીસ વર્ષ સુધી સ્ત્રી સાથે રહ્યા ને છોડી (છોકરી) હઉ થઈ. અને છેવટે મહાવીરનેય છૂટું થવું પડ્યું. છેલ્લા બેતાળીસ વર્ષ સ્ત્રી વગર એમ ને એમ રહ્યા. આપણે તો છેલ્લા પંદર જ વર્ષ સ્ત્રી વગર નીકળે; મન-વચન-કાયાથી આ છૂટી જાય તોય બહુ થઈ ગયું, એવું કહીએ છીએ. નહીં તો છેલ્લો દસકો જ નીકળે તોય બહુ થઈ ગયું. નહીં તોય પણ છેલ્લે આવું બ્રહ્મચર્ય હોવું જોઈએ. હવે એ ઉદય ક્યારે આવે ? જ્યારે એનું જ્ઞાન સાંભળો ત્યારે ઉદય આવે. હંમેશાં જ્ઞાન સાંભળ્યા વગર દર્શન થાય નહીં અને દર્શન થાય નહીં ત્યાં સુધી 'રોંગ બિલીફ' તૂટે નહીં.

આ જ્ઞાન તો બહુ સરસ છે, પણ હવે પેલો ચેતક મજબૂત કરી લેવાનો છે. વિષયમાં સુખ છે, ત્યાં 'ચેતક' બેસાડવાની જરૂર છે. આ વિષયનું આરાધન એ પોલીસવાળો પરાણે કરાવે એવું હોવું જોઈએ. આ ચેતક અમે તમને બેસાડી દીધો છે, પણ આ ચેતકને એટલો મજબૂત કરી લેવાનો છે કે પોલીસવાળાનીય સામો થાય. પણ જો એ ચેતકનું ગણકારીએ નહીં તો ચેતક નિર્માલ્ય થઈ જાય. આપણે એ ચેતકને માનતાન આપીએ, એને ખોરાક આપીએ તો એને પુષ્ટિ મળે ! આપણે એ ચેતકના જ્ઞાતા-દ્રષ્ટા અને ચેતક એ 'ચંદુભાઈ'ને ચેત, ચેત કરીને ચેતવ્યા કરે. 'ચંદુભાઈ' ચેતકનું ગણકારે છે કે નહીં એ આપણે જોવાનું.

સુખની 'બિલીફ' તો સ્વરૂપમાં જ રહેવી જોઈએ. વિષયમાં સુખ છે એ 'બિલીફ'માં જ ના રહેવું જોઈએ. એ તો કેવળદર્શનની પેઠ સ્વરૂપમાં જ સુખ છે એવું 'બિલીફ'માં રહેવું જોઈએ. એવી રીતે આપણે ચેતક મજબૂત કરી લીધો હોય, પછી વાંધો નહીં.

આપણે કંઈ નવો સંસાર ઊભો નથી કરવો. હવે મોક્ષે જ જવું છે જેમ તેમ કરીને. ખોટ-નફાના બધા ખાતા નિકાલ કરીને, માંડવાળ કરીને ઉકેલ લાવી નાખવાનો છે.

આ ખરેખર મોક્ષનો માર્ગ છે. કોઈ કાળે કોઈ નામ ના દે એવું આ જ્ઞાન આપેલું છે, પણ જો તમે જાણીજોઈને ઊંધું કરો તો પછી બગડે. તોય અમુક કાળે ઉકેલ લાવી જ નાખશે. એટલે એક ફેરો આ પ્રાપ્ત થયું છે એ છોડવા જેવું નથી.

- જય સચ્ચિદાનંદ

આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના આગામી સત્સંગ કાર્યક્રમો

મુંબઈ

૧૨-૧૩ જાન્યુ. (શુક્ર-શનિ) સાંજે ૬ થી ૯ - **સત્સંગ** તથા **૧૪ જાન્યુ.** (રવિ) સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**
સ્થળ : જમનાબાઈ નરસી સ્કૂલ ગ્રાઉન્ડ, ઓપ્શન્સ મોલ સામે, JVPD સ્કીમ, વિલેપાર્લે (વે.). **સંપર્ક :** ૯૩૨૩૫૨૮૯૦૧

રાજકોટ

૯-૧૦ ફેબ્રુ. (શુક્ર-શનિ) સાંજે ૭-૩૦ થી ૧૦-૩૦ - **સત્સંગ** તથા **૧૧ ફેબ્રુ.** (રવિ) સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**
સ્થળ : ગ્રીનલેન્ડ ચોકડી પાસે, મોરબી રોડ, રાજકોટ. **સંપર્ક :** ૯૮૭૯૧૩૭૯૭૧

ભાવનગર ત્રિમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

૧૬ ફેબ્રુઆરી (શુક્ર) સાંજે ૭ થી ૧૦ - **સત્સંગ** (બધા મુમુક્ષુઓ તથા સ્થાનિક મહાત્માઓ માટે)
૧૭ ફેબ્રુઆરી (શનિ) સાંજે ૬-૩૦ થી ૧૦ - **જ્ઞાનવિધિ**
૧૮ ફેબ્રુઆરી (રવિ) સવારે ૧૦ થી ૧૨-૩૦ - **પ્રાણપ્રતિષ્ઠા** તથા સાંજે ૪-૩૦ થી ૭-૩૦ - **પ્રક્ષાલ-પૂજન-આરતી**
સ્થળ : ત્રિમંદિર, રંગોલી પાર્ક પાસે, ભાવનગર-રાજકોટ હાઈવે, વરતેજ, ભાવનગર. **સંપર્ક :** ૯૯૨૪૩૪૪૪૨૫
વિશેષ સૂચના : પ્રાણપ્રતિષ્ઠા કાર્યક્રમ એક દિવસનો હોવાથી રહેવાની સુવિધા નથી. જે મહાત્મા-મુમુક્ષુઓ પ્રતિષ્ઠાના દિવસે સીધા જ મહોત્સવ સ્થળ પર પહોંચશે, તેમના માટે બાથરૂમ-ટોઈલેટની સુવિધા રહેશે.

અડાલજ - દાદાનગર

૨ માર્ચ (શનિ) - **પ્રશ્નોત્તરી સત્સંગ** તથા **૩ માર્ચ** (રવિ) - **જ્ઞાનવિધિ**
૧૯ માર્ચ (મંગળ) - **પૂજ્ય નીરુમાની ૧૮મી પુણ્યતિથિ પર વિશેષ કાર્યક્રમ**

પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર

ભારત

- **'દૂરદર્શન ગિરનાર'** પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૩૦, રાત્રે ૯ થી ૧૦
- **'પ્રવેગ ટીવી' ચેનલ** પર દરરોજ બપોરે ૩-૩૦ થી ૪ **(નવો કાર્યક્રમ)**
- **'ધર્મ સંદેશ' ચેનલ** પર દરરોજ સવારે ૨-૫૦ થી ૩-૫૦, બપોરે ૨-૩૦ થી ૩, રાત્રે ૮ થી ૯
- **'વાલમ'** પર દરરોજ સાંજે ૬ થી ૬-૩૦ (ફક્ત ગુજરાત રાજ્યમાં)
- **'સાધના ગોલ્ડ ગુજરાતી'** પર દરરોજ સવારે ૭ થી ૮, રાત્રે ૮ થી ૯
- **'साधना'** पर हर रोज़ सुबह 7-50 से 8-15 तथा रात 9-30 से 9-55 (हिन्दी में)
- **'आस्था हिन्दी'** पर हर रोज़ रात 10 से 10-20
- **'दूरदर्शन उत्तरप्रदेश'** पर हर रोज़ दोपहर 3 से 4 (हिन्दी में)
- **'दूरदर्शन सह्याद्रि'** पर हर रोज़ सुबह 7 से 7-45, सोम से शुक्र दोपहर 3-30 से 4 तथा शनि-रवि दोपहर 11-30 से 12 (मराठी में)
- **'आस्था कन्नड़ा'** पर हर रोज़ दोपहर 12 से 12-30 तथा शाम 4-30 से 5 (कन्नड़ा में)
- **'दूरदर्शन चंदना'** पर हर रोज़ शाम 6-30 से 7 (कन्नड़ा में)

ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ : ૯૩૨૮૬૬૧૧૬૬-૭૭ ; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮ ; **ભુજ** ૯૯૨૪૩૪૫૫૮૮ ; **ગોધરા :** ૯૭૨૩૭૦૭૭૩૮ ;
મોરબી : ૯૯૨૪૩૪૧૧૮૮ ; **સુરેન્દ્રનગર :** ૯૭૩૭૦૪૮૩૨૨ ; **અમરેલી :** ૯૯૨૪૩૪૪૪૬૦ ; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭ ;
અંજાર : ૯૯૨૪૩૪૬૬૨૨ ; **જામનગર :** ૯૯૨૪૩૪૩૬૮૭ ; **જૂનાગઢ :** ૯૯૨૪૩૪૪૪૮૯ ; **મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧
અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ (દાદા દર્શન) : (૦૭૯) ૨૭૫૪૦૪૦૮ ; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫ ;
U.S.A.-Canada: +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706

પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૧૬મો જન્મજયંતી મહોત્સવ : અમરેલી : તા. ૨૨ થી ૨૬ નવેમ્બર ૨૦૨૩

ડાયરો


જ્ઞાનવિધિ

થીમપાર્ક - ચિલ્ડ્રન પાર્ક

વિક્રમ વેતાળ

થ્રીડી થિયેટર

ટોટલ એક્સપિરિયન્સ

જન્મજયંતી સાઈટનો એરિયલ વ્યૂ

જન્મજયંતી દિવસ





દર્શન

જાન્યુઆરી ૨૦૨૪
વર્ષ-૧૯, અંક-૫
સળંગ અંક-૩૪૧

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
RNI No. 67543/95 Reg. no. G-GNR-347
valid up to 31-12-2026
Licensed to Post Without Pre-payment
No. PMG/NG/037/2024-2026
Valid up to 31-12-2026
Posted at Gandhinagar SRO
on 1st of every month.

અક્રમ વિજ્ઞાને આપેલી છૂટ, કઈ શરતે?

જગતે જોયું હશે, તેના કરતા મેં નવી જ જાતનું જોયેલું છે અને તો જ હું આ આજ્ઞા આપું, નહીં તો આપું જ નહીં ને ! આ તો જોખમદારી કહેવાય ! મેં એવું વિજ્ઞાન જોયું છે, ત્યારે મેં તમને છૂટ આપી છે, નહીં તો છૂટ ના અપાય. મેં તમને છૂટ કેવી રીતે આપી છે ? અમે હક્કના વિષયની છૂટ આપી છે, જેથી બહાર દૃષ્ટિ પછી બગડે નહીં ને બગડી હોય તે સુધારી લેજો. પણ હક્કની જગ્યાનું એક જ સ્થાન નક્કી થઈ ગયું એટલે પછી તમને 'એલાઉ' (માન્ય) કરીએ. પણ આ તો ફક્ત આત્મસુખ છે કે બીજું કયું સુખ છે; તે જાણવા માટે તમને કહીએ છીએ કે છ મહિના માટે વિષય છોડીને તો જુઓ ! ફક્ત તપાસ કરવા માટે જ, આ સુખ આત્મામાંથી આવ્યું કે વિષયમાંથી આવ્યું ?

- દાદાશ્રી

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા મલ્ટીપ્રિન્ટ, એચ બી કાપડીયા ન્યુ સ્કૂલની સામે છત્રાલ-પ્રતાપપુરા રોડ, મુ. છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.